**આજનો સુવિચાર**

માણસ જો પોતાના મન થી શાંતિ પ્રાપ્ત ન કરી શકતો હોય , તો દુનિયાનું કોઈપણ સુખ તેને શાંતિ આપી શકતું નથી.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૨૨ જૂનાગઢ તા.૦૫-૯-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 222, Junagadh : Date : 05 September, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## સાળંગપુરમાં વિવાદનો અંત : સૂર્યોદય પહેલા જ વિવાદીત ભીંત ચિંત્રો ઉતારી લેવાયા



બોટાદ તા. ૫

સાળંગપુર મંદિરમાં હનુમાનજીને સ્વામિનારાયણ સંતોના દાસ તરીકે રજૂ કરાયેલાં ભીંતચિત્રોને લઈ છેલ્લા થોડા દિવસથી ઉગ્ર વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદને લઈ સનાતન ધર્મના સાધુ-સંતો, મહંતોમાં ભારે રોષનીલાગણીવ્યાપી ગઈહતી.જોકે બંને વિવાદિત ભીતચિંત્રોને આજે સૂર્યોદય પહેલાં જ દૂર કરાયાં હતાં અને તેની જગ્યાએ નવાં ચિત્રો લગાવાયાં. મુખ્યમંત્રી સાથે મળેલી બેઠકબાદ ગત રાત્રે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની અમદાવાદમાં એકબેઠક મળીહતી.આ બેઠકબાદ સંતોએ પ્રેસ કોન્ફરન્સ કરી ભીંતચિત્રો હટાવવાની જાહેરાત કરી હતી. આમ સાળંગપુર ખાતે હનુમાનજીનાં ભીંતચિત્રોના વિવાદનો અંત આવ્યો છે. મુખ્યમંત્રી સાથે મળેલી બેઠક બાદ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની અમદાવાદમાંએક બેઠક મળીહતી. આ બેઠક બાદ સંતોએ પ્રેસ કોન્ફરન્સ કરી ભીંતચિત્રોહટાવવાની જાહેરાત કરી હતી. સમાધાન મુજબ રાત્રિ દરમિયાન ભીતચિંત્રોને દૂર કરી નવાં ચિત્રો લગાવવામાં આવ્યાં છે.

## સુરતમાં બનાવટી ડોકયુમેન્ટનાં કૌભાંડનો પર્દાફાશ બે લોકોની ધરપકડ : બે લાખ નકલી ડોકયુમેન્ટ બનાવ્યા

### બનાવટી આધાર કાર્ડ, પાનકાર્ડ, સેલેરી સ્લીપ, ડ્રાઈવીંગ લાયસન્સ રૂા. ૧૫ થી ૫૦માં વેચવામાં આવતા હતા

સુરત તા. ૫

ગુજરાતમાં બનાવટી તથા બોગસ અધિકારીઓ જેઓ ખુદને સીધા પીએમઓ તથા સીએમઓ સહિતના અધિકારી દર્શાવીને છેતરપીંડી કરી રહ્યા હોવાની એક બાદ એક ચહેરાઓ સામે આવતા જાય છે તે વચ્ચે હવે સુરતમાં એક ખાનગી બેંકદ્વારા તેની સાથે રૂા.૯૨ લાખની છેતરપીંડીની જે ફરિયાદ નોંધાવી હતી તેમાં હવે બનાવટી સરકારી દસ્તાવેજોનું પણ એકજબરૂ કૌભાંડ ખુલ્યુ છે. આ બનાવટી દસ્તાવેજોઆધુનિક પ્રિન્ટીંગ પ્રેસમાં છપાયા હતા અને તેમાં ૨ લાખ ડોકયુમેન્ટ વેચાયા હોવાનું બહાર આવ્યુ છે.

સુરત પોલીસે આ સંબંધમાં રાજસ્થાન અને ઉતરપ્રદેશના બે લોકોની ધરપકડ કરી છે જે રૂા.૧૫થી રૂા.૫૦માં આ બનાવટી સરકારી દસ્તાવેજો વેચતા હતા. રાજસ્થાનના સોમનાથ પ્રમોદકુમાર તથા ઉતરપ્રદેશના પરમવીરસિંઘ ઠાકુર થોડા સમયથી સુરત પોલીસમાં ટેકનીકલ વોચ પર હતા અને આ મહત્વના સરકારી દસ્તાવેજો તૈયાર કરીને વેચતા હતા જેમાં સુરક્ષા સામે પણપ્રશ્ન ઉભા થાય તેવી સ્થિતિ હતી. આ સમગ્ર રેકેટની તપાસ હવે સુરતના એસીપી વિરજીતસિંહ પરમારને સુપ્રત કરવામાં આવી છે.

આ અંગે ઓગષ્ટ માસમાં એચડીએફસી બેંકે એક પોલીસ ફરિયાદ નોંધાવી હતી જેમાં ૨૦ લોકોએ બનાવટી સેલેરી સ્લીપ રજૂ કરીને રૂા.૯૨ લાખની લોન લઈ લીધી હતી જે ભરપાઈ થઈ ન હતી અને તેમાં બનાવટી દસ્તાવેજો બેંક પાસે રજૂ થયા હતા. પોલીસે આ બારામાં ૬ લોકોની અટકાયત કરીને પુછપરછ કરી હતી અને તેમાં બનાવટી દસ્તાવેજોનું પગેરુ મળ્યુ હતું. જેમાં તેઓએ ઓનલાઈન ફ્રોડ-પોર્ટલ મારફત આ બનાવટી સેલેરી સ્લીપ સહિતના દસ્તાવેજો મેળવી જેઓ રાજસ્થાનમાંથી માસ્ટર માઈન્ડ સોમનાથ પ્રમોદસિંઘની ધરપકડ કરી હતી જેનું પગેરુ યુપીના પ્રેમવિરસિંઘ સુધી ગયુ હતું. તેઓ બનાવટી આધારકાર્ડ, પાન, ડ્રાઈવીંગ લાયસન્સ, વોટર આઈડી તથા સેલેરી સ્લીપ સહિતના દસ્તાવેજો અને બેંક લોનમાં જઈ તમામ દસ્તાવેજો બોગસ બનાવી પુરા પાડતા હતા. તેઓ આ રીતે બે લાખથી વધુ બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હોવાનું કબુલ્યું હતું.

## આગામી શુક્રવારથી G-20 શિખર પરીષદનો પ્રારંભ : એરફોર્સ, આર્મી એલર્ટ




નવી દિલ્હી તા. ૫

આગામી તા.૮ સપ્ટેમ્બર શુક્રવારથી દિલ્હીમાં **G-20** શિખર બેઠક માટે વિશ્વના ટોચના રાષ્ટ્રોના વડાઓનું ભારતમાં આગમન શરુ થશે તે પુર્વે સૌથી મોટી ચિંતા અને કસોટી આ રાષ્ટ્રવડાઓની સુરક્ષા અને સમીટ પર કોઈ પ્રકારની મુશ્કેલી નડે નહી તે જોવા માટે હવે ભારતીય હવાઈદળ અને ભૂમીદળ પણ એકશનમાં આવી ગયા છે તથા ખાસ કરીને ચીન-પાક સરહદેથી કોઈ ઘુસણખોરીને રોકવા એરફોર્સ અને ભૂમિદળોએ એક જબરી કવાયત હાથ ધરી છે.

હવાઈદળે આ સરહદો પરની હવાઈ સુરક્ષા નિશ્ચિત કરવા તેના ભૂમિ પરની હવામાં પ્રહાર કરી શકતા ગાઈડેડ મિસાઈલ સીસ્ટમને એકશનમાં મુકી છે તો તેના અત્યંત આધુનિક રડાર સીસ્ટમ પણ એકટીવ કરી છે તો સૈન્યએ પુર્વ થી પશ્ચિમી કમાન્ડમાં પણ સુરક્ષા ડ્રીલ યોજી હતી. ખાસ કરીને જમીન માર્ગથી ઘુસણખોરી રોકવા સરહદો સીલ કરી છે.

ભારતીય હવાઈદળ અને ભૂમીદળ આ માટે ૧૦ દિવસની ખાસ કવાયત તા.૧થી૧૦ સુધી ચાલુ રાખશે અને હવાઈદળની તમામ લડાયક તાકાત રાફેલ, સુખોઈ-૩૦, મીગ-૨૯ અને જેગુઆર વિમાનોના કાફલાને પણ ગમે તે ઘડીએ ઉડી શકે તે માટે રેડી-ટુ-ઓપરેશન તબકકે મુકી દીધા છે. આ ઉપરાંત રશિયાથી ખાસ મેળવાયેલા મિસાઈલ પ્રણામી એસ-૪૦૦ તે પણ પ્રથમ વખત સરહદ પર તૈનાત થઈ છે.

ભારતીય ભૂમીદળની હવે ચાઈનાને ટાર્ગેટ કરીને તૈયાર કરાયેલી બે માઉન્ટેન સ્ટ્રાઈક કૌર્પ્સ જેમા દરેકમાં૭૦૦૦૦ જવાનો ભારે શસ્ત્ર સામગ્રી તથા અત્યંત ઉંચી સરહદ પર પણ પહોંચી શકે તેવી આર્ટીલરી તમામ રેડી-ટુ-કોમ્બેટ સ્થિતિમાં તૈયાર રાખી છે જે ચીન સાથેની ૩૪૮૮ કીમીની વાસ્તવિક અંકુશ રેખા પર નજર રાખશે.

રાજધાની દિલ્હીમાં પણ સ્થાનિક પોલીસ તથા અર્ધલશ્કરી દળોની સાથે સેનાની ખાસ કમાન્ડો ટીમને સ્ટેન્ડ ટુ રખાઈ છે તથા પાટનગર આસપાસના એરબેઝ પર લડાયક વિમાનોના કાફલાને પણ એલર્ટ રખાયા છે તથા તપાસ એજન્સીઓ વચ્ચે સમન્વય માટે ઓપરેશન ડાયરેકશન સેન્ટર પણ કાર્યરત થયું છે. સેનાએ પાટનગરમાં ખાસ રડાર તથા ડ્રોનવિરોધી સીસ્ટમ ગોઠવી છે. વીવીઆઈપી કાફલા પસાર થતા હોય તે સમયે તમામ માર્ગો પર 'બંધ' જેવી સ્થિતિ હશે.

## ૨૦૨૪નાં સામાન્ય બજેટની તૈયારીઓ શરૂ : બેઠકોનો દોર

નવી દિલ્હી તા. ૫

સામાન્ય બજેટ ૨૦૨૪ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. નાણા મંત્રાલયેવિવિધ વિભાગો અને મંત્રાલયો પાસેથી ખર્ચ સંબંધિત વિગતો માંગીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વચગાળાનું બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરીછે. આ વખતે આવતા વર્ષે એપ્રિલ-મેમાં સંભવિત લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને માત્ર વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવશે. આ નાણાકીય વર્ષનું સંપૂર્ણ બજેટ લોકસભાની ચૂંટણી પછી રચાનારી નવી સરકાર દ્વારા બનાવવામાં આવશે. વર્ષ ૨૦૨૪ માં દેશના નાણાં મંત્રી નિર્મળા સીતારમણ તેમનું સતત છઠ્ઠું બજેટ રજૂ કરશે. નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગના બજેટ વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટ સાથે સંબંધિત એક પરિપત્ર બહાર પાડ્યો છે.

## અમેરીકાનાં રાષ્ટ્રપતી બાઈડેનનાં પત્ની કોરોના પોઝીટીવ

વોશિંગ્ટન તા. ૫

**G-20** સમિટ માટે ભારત આવી રહેલા અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનની પત્ની જીલ બાઈડેન કોવિડ પોઝિટિવ આવ્યા છે. બાઈડેન ૭ સપ્ટેમ્બરના રોજ ૪ દિવસના પ્રવાસે ભારત આવવાના છે. આ અંગે વ્હાઈટ હાઉસે કહ્યું છે કે બાઈડેનનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જીલ બાઈડેન ડેલવેરમાં તેમના ઘરે ક્વોરન્ટાઈન છે.

વ્હાઈટ હાઉસે અહેવાલ આપ્યો છે કે તેમનાં લક્ષણો હળવાં છે. આ દરમિયાન તે ડેલવેરમાં તેમના ઘરે જ રહેશે. તેમના કોમ્યુનિકેશન ડિરેક્ટરે કહ્યું કે વ્હાઈટ હાઉસ મેડિકલ યુનિટે નજીકના લોકોને આ અંગે જાણ કરી છે.

જો બાઈડેનની પત્ની અને અમેરિકાની ફર્સ્ટ લેડી જીલ બાઈડેન પણ સ્કિન કેન્સરથી પણ પીડિત છે. જાન્યુઆરીમાં તેમની સર્જરી થઈ હતી. ૭૧ વર્ષીય જીલની છાતીમાંથી અને એક આંખ ઉપરના ડાઘની ચામડી કાઢી નાખવામાં આવી હતી.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનને સ્કિન કેન્સર હતું. વ્હાઈટ હાઉસના ડૉક્ટર કેવિન ઓ'કોનરે માર્ચ ૨૦૨૩માં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે બાઈડેનની ચેસ્ટ પર ઈજા પહોંચી હતી. આ ઈજાગ્રસ્ત ચામડીને ફેબ્રુઆરી ૨૦૨૩માં સર્જરી દરમિયાન દૂર કરવામાં આવી હતી.

## યુક્રેનમાં મહિલાઓને પણ રશિયા સામે યુધ્ધનાં મેદાનમાં ઉતારવામાં આવશે

નવી દિલ્હી તા. ૫ : યુદ્ધે યુક્રેનની મહિલાઓનું જીવન બદલી નાખ્યું છે. મહિલાઓને પણહવે ફેશનેબલ કપડાને બદલે યુનિફોર્મ પહેરવો પડશે. મેકઅપને બદલે મિલિટરી ગેજેટ્સ પહેરવાની ફરજ પડશે. આ યુક્રેનિયન છોકરીઓએ પણ તેમની કારકિર્દીને લઈને ઘણા સપના જોયા હતા. તે તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહી હતી અને તેને થોડી સફળતા મળી હતી, પરંતુ હવે દરેકે દેશ માટે લડવું પડશે. તેઓએ આ લડાઈમાં ભાગીદાર બનવું પડશે. જો તે ગોળી મારી ન શકે તો પણ તેણે યુદ્ધના મેદાનમાં કોઈને કોઈ રીતે મદદ કરવી પડશે. ઝેલેન્સકી સરકારે આદેશ જાહેર કર્યો છે કે તમામ છોકરીઓને સેનામાં જોડાવું પડશે. માત્ર ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને જ છૂટ આપવામાં આવી છે. તમામ મહિલા ડોકટરો, નર્સોએ યુદ્ધમાં જવું પડશે. એટલે કે મહિલાઓએ પણ યુદ્ધની તાલીમ લીધા બાદ મોરચા પર જવું પડશે.

## એડવાન્સ ટેકસ ઓછો ભરનાર પાંચ લાખ કરદાતાઓને આવકવેરા વિભાગે નોટીસ ફટકારી

નવી દિલ્હી તા.૫

કરચોરી કે ઓછી આવક દર્શાવવા મામલે આવકવેરા વિભાગ દ્વારા અપાતી ધડાધડ નોટીસો બાદ હવે એડવાન્સ ટેકસ ઓછો ભરવા મામલે પાંચ લાખ જેટલી નોટીસો ઈસ્યુ કરાતા વેપાર-ઉદ્યોગકારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આવકવેરા ખાતાનાં સુત્રોએ કહ્યું કે, ભુતકાળની સરખામણીએ શુન્ય કે ઓછો એડવાન્સ ટેકસ ભરનારા પાંચ લાખ જેટલા કરદાતાઓને એપ્રિલથી ઓગસ્ટ દરમ્યાન નોટીસો ફટકારવામાં આવી છે.

આવકવેરા વિભાગનાં આંકડાકીય વિશ્લેષણમાં એવુ બહાર આવ્યુ છે કે, પાંચ લાખમાંથી અઢી લાખ કરદાતાઓની આવકમાં તો નોંધપાત્ર વૃદ્ધિ હતી એટલુ જ નહિં મોટી રકમની વિવિધ ખરીદી પણ કરી હતી છતાં એડવાન્સ ટેકસ ઓછો ભર્યો હતો. ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસીક ગાળામાં એવા સેંકડો કેસો માલુમ પડયા હતા. જેમાં કરદાતાઓએ વિવિધ ખરીદી પાછળ જંગી ખર્ચ કર્યો હતો.પરંતુ ટેકસ ભર્યો ન હતો. મીસ મેચ થવાને પગલે નોટીસો ફટકારવામાં આવી છે.

આવકવેરા વિભાગે ૧૫ સપ્ટેમ્બરે એડવાન્સ ટેકસનો બીજો હપ્તો ચુકવવાની તારીખ પૂર્વે જ આ કામગીરી કરી છે.સુત્રોએ કહ્યું કે છેલ્લા ૩-૪ વર્ષથી વધુને વધુ કરદાતાઓ એડવાન્સ ટેકસ ચુકવવામાંથી છટકવા લાગ્યા હતા. એડવાન્સ ટેકસ કરદાતાની સંભવીત આવકના અંદાજ પ્રમાણે જુન, સપ્ટેમ્બર, ડીસેમ્બર અને માર્ચ એમ ચાર હપ્તામાં ચુકવવાનો હોય છે.જુનમાં ૧૫ ટકા, સપ્ટેમ્બરમાં ૪૫ ટકા, ડીસેમ્બરમાં ૭૫ ટકા તથા માર્ચ સુધીમાં ટેકસનું ફુલ પેમેન્ટ કરવાનું હોય છે.

સુત્રોએ કહ્યું કે એપ્રિલથી જુલાઈનાં ગાળામાં ગ્રોસ ટેકસ આવકમાં વાર્ષિક ધોરણે માત્ર ૨.૮ ટકાની વૃધ્ધિ માલુમ પડી હતી. નેટ આવક તો ૧૩ ટકાનો ઘટાડો સુચવતી હતી. જેને પગલે છટકબારી દુર કરવા તથા એડવાન્સ ટેકસ પેમેન્ટમાંથી છટકવાનાં ટ્રેન્ડને રોકવા માટે સરકાર કડક થઈ છે.

## આજે ૬ રાજયોની ૭ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી : મતદાનનો પ્રારંભ

નવી દિલ્હી તા. ૫ : દેશભરમાં આજે ૭ બેઠકો પર પેટાચૂંટણી માટે મતદાનનો પ્રારંભ થયો છે. ૨૮ પક્ષોએ સાથે મળી ઈન્ડિયા ગઠબંધનનું સર્જન કર્યું છે અને આગામી તમામ ચૂંટણીઓમાં ભાજપને ભરીપીવા પડકાર ફેંકયો છે ત્યારે પેટાચૂંટણીને ભારત ગઠબંધન માટે પડકાર તરીકે જોવામાં આવી રહી છે. કારણ કે આટલા બધા વિપક્ષો એકસાથે આવ્યા અને પછી ભારત ગઠબંધન બનાવ્યા પછી ભારતના કોઈપણ રાજયોમાંઆ પ્રથમ ચૂંટણી છે.આવી સ્થિતિમાંભાજપ કોઈપણ ભોગે જીત મેળવીને પોતાનો પ્રભાવ જાળવી રાખવાનો પ્રયાસ કરી રહયું છે. આજે જે ૭ બેઠકોનું મતદાન યોજાઈ રહયું છે તેમાં ઉત્તરપ્રદેશનાં મઉ જીલ્લાની ઘોસી બેઠક, ઉત્તરાખંડની બાગેશ્વર બેઠક, પ.બંગાળની ધુપગીરી બેઠક, ત્રિપુરાની ધાનપુર અને બોકસાનગર, અને કેરળની પુથુપલ્લી બેઠક પર આજે સવારથી મતદાન યોજાઈ રહયું છે.


THE GALAXY GARDEN

ઓપન પ્લોટ ટાઉનશિપ

• આકર્ષક એન્ટ્રી ગેઈટ
• સંકુલ ફરતી કમ્પાઉન્ડ વોલ
• સીમેન્ટ રોડ • સ્ટ્રીટ લાઈટ
• ડ્રેનેજ સીસ્ટમ
• સીકયુરીટી કેબીન
• સી.સી.ટીવી કેમેરા

Scan For Location

Scan For Brochure

સાઈટ
ઓશન સ્વીમીંગ પુલની પાસે,
ઝાંઝરડા-ઉમટવાડા મેઈન રોડ, જૂનાગઢ.

BOOKING CONTACT :

| | |
|---|---|
| Mitulbhai Bhalani | 98252 91012 |
| Sureshbhai Dekivadiya | 98259 88805 |
| Kishorbhai Makadiya | 98257 71602 |
| Pramit Patel | 98242 88199 |

Kspi-98795 21100

અમારા માનવંતા ગ્રાહકોને
જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા....

જૂનાગઢની સ્વાદપ્રિય જનતા માટે
જુનું અને જાણીતું નામ એટલે...

લિજ્જત પાઉંભાજી

● ગુજરાતી થાળી
● સાઉથ ઈન્ડીયન
● પંજાબી
● ચાઈનીઝ



લિજ્જત પાઉંભાજી

જયશ્રી રોડ, મહાસાગર ટ્રાવેલ્સની સામે,
કળવા ચોક, જૂનાગઢ મો. ૯૪૨૭૭ ૩૩૩૪૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પદ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક
પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને
સંક્રમણને અટકાવવા તેમજ
રોગપ્રતિકારક શકિત વધારવા માટે
ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને
સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈમરજન્સી એટલે વોકહાર્ટ

દિવસ હોય કે રાત્રિ,
વોકહાર્ટ ઈમરજન્સી હંમેશા એલર્ટ

વધુ માહિતી માટે :
95861 44344

WOCKHARDT HOSPITALS | LiFE WiNS

## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાંઆ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગીઅને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારેછે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

# ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે ચાલુ વર્ષથી જ રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ડીપ્લોમા-ડીગ્રીમાં ખાલી જગ્યાઓ પર પ્રવેશ અપાશે : કૃષિ મંત્રી રાઘવજી પટેલ

## કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદની ૧૭મી બેઠક યોજાઇ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૫

રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ દ્વારા રાજ્યના વિશાળ વિદ્યાર્થી સમુદાયના હિતને ધ્યાને લઈ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને ચાલુ વર્ષથી મેરીટના ધોરણે નિયમ મુજબ રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ડીપ્લોમા તેમજ ડીગ્રી અભ્યાસક્રમોમાં ખાલી રહેલી જગ્યાઓ ઉપર પ્રવેશ આપવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટીના કુલપતિઓ, ખેતી નિયામક તેમજ બાગાયત નિયામક સાથે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદની ૧૭મી બેઠક યોજાઇ હતી. કૃષિ મંત્રી રાઘવજીભાઈએ સૂચન કરતાં કહ્યું હતું કે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની જે જિલ્લામાં જમીન ઉપલબ્ધ હોય ત્યાં બાગાયતી પાકો માટે ટેકનોલોજી આધારીત સેન્ટર ઓફ એક્સલેન્સ ઉભા કરવા જોઈએ. હાલ ખેડૂતોના ખેતર ઉપર નાળીયેરીમાં સફેદ માખી તેમજ મગફળીમાં મુંડા(વાઈટગ્રબ)ની ઉદભવેલ સમસ્યાને નિયંત્રણમાં લેવા, તેના નિવારણ માટે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપીને આ પ્રકારના પ્રશ્નોનું ખેડૂતોના હિતમાં કાયમી નિવારણ માટે સંશોધન કરવું જોઈએ. બજારમાં મેથી ઓગસ્ટ દરમ્યાન ટામેટાની માંગ વધુ હોય છે તે માટે ટામેટા ઉપર પણ સંશોધન કાર્યક્રમો હાથ ધરીને આ માંગ પૂરી કરવા યોગ્ય યોજના બનાવવી જોઈએ. જેથી આ સમય તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન ટામેટાની અછત ઉભી થાય નહીં. મંત્રીએ ઉમેર્યું કે ક્લાઈમેટ ચેન્જને કારણે ખેતી સામે ઉદભવેલા પડકારોને પહોંચી વળવા અતિવૃષ્ટી, અનાવૃષ્ટી, માવઠા તેમજ વાવાઝોડાની પરીસ્થિતીમાં પણ સક્ષમ રીતે સામનો કરી શકે તેવા ખેતી પાકો અને ટકાઉ બિયારણોની જાત વિકસાવવા અંગે ખાસ ધ્યાન આપી સંશોધનો હાથ ધરવા સુચના આપી. આ ઉપરાંત બેઠકમાં રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ દ્વારા યુનિવર્સિટીઓના કોમન પ્રશ્નોની ચર્ચા યોજાઇ હતી. જેમાં મુખ્યત્વે વર્ષ: ૨૦૨૩-૨૪ માટે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની કામગીરી, પ્રવૃત્તિઓની વાર્ષિક યોજનાઓ તેમજ નાણાકીય અંદાજોની સમીક્ષા કરવામાં આવી હતી.

### જર્જરીત આઈટીઆઈ બિલ્ડીંગ તોડી પાડવાની કામગીરી થઈ રહી છે ત્યારે

# વૈકલ્પીક વ્યવસ્થા નહીં કરાતા જૂનાગઢનાં અરજદારોને લર્નીંગ લાયસન્સ મળી શકતું નથી !

જૂનાગઢ તા. ૫

છેલ્લા કેટલાક સમય થયા લર્નીંગ ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા માટે મુશ્કેલ પરિસ્થિતિમાં પસાર થવું પડે છે. જૂનાગઢમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે રહેતા સીરાજ યુનુસ સોરાએ એક અખબારી યાદીમાં જણાવેલ છે કે આરટીઓ દ્વારા જે વ્યવસ્થા હાલમાં ઉપલબ્ધ બનાવી છે એટલે કે લર્નીંગ લાયસન્સ મેળવવા માટે આઈટીઆઈમાં પરીક્ષા આપવી પડે. આ પરીક્ષા આપવા માટે અરજદાર સીરાજ સોરાએ જરૂરી કાર્યવાહી પુર્ણ કરી છે. પરંતુ ખાટલે મોટી ખોટ હોય તો એ છે કે હાલ આઈટીઆઈનુ બિલ્ડીંગ જર્જરીત હાલતમાં હોય અને સરકારનાં આદેશ અનુસાર આ બિલ્ડીંગને તોડી નાખવાની કામગીરી ચાલી રહી છે ત્યારે આઈટીઆઈ દ્વારા લર્નીંગ લાયસન્સ મેળવવા માંગતા અરજદારો માટે કોઈ વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી.

અનો જેનો કારણે ઘણા લોકોનો લર્નીંગ લાયસન્સ મેળવવા મુશ્કેલી પડી રહી છે. એકાદ મહીના જવો સમય થઈ ગયો છે ત્યારે સીરાજ સીરાએ પોતાનો લર્નીંગ લાયસન્સ મેળવવા માટેની પ્રક્રિયામાં હાલ બાધારૂપ બની ગયેલ આઈટીઆઈ દ્વારા અરજદારોને માટે પરીક્ષા આપવા માટે કોઈ વૈકલ્પીક વ્યવસ્થા કરવામાં આવી નહી હોવાના કારણે અરજદારોને લર્નીંગ લાયસન્સ મેળવવું હોય તો કઈ રીતે મેળવવું તે અંગે મોટો પ્રશ્ન ઉભો થયો છે આ બાબતે તેઓએ ગુજરાત રાજયના વાહન વ્યવહાર કમિશ્નરને એક પત્ર પાઠવી તાત્કાલીક યોગ્ય કાર્યવાહી થાય તે માટે પગલા ભરવા વિનંતી કરી છે.

# રાજયસભા-લોકસભા કમિટીના સભ્યોએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી

**શ્રાવણ માસમાં દેવાધિદેવ મહાદેવ સમક્ષ 'સોમેશ્વર મહાપૂજા' કરી પ્રાપ્ત કર્યા આશીર્વાદ : પાર્લિયામેન્ટ્રી સ્ટેન્ડિંગ કમિટી ઓન હોમ અફેર્સના સભ્યોએ 'ઓન ધ સ્પોટ એસેસમેન્ટ ઓફ ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ ઓફ સોમનાથ ટેમ્પલ' અંતર્ગત કરી સમીક્ષા**



(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ તા.૫

સમગ્ર ૧૨ જ્યોતિર્લિંગમાં ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના પ્રતિક સમું સોમનાથ મંદિર પ્રથમ જ્યોતિર્લિંગ છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રાવણ મહિનાનું અનેરૂ મહત્વ છે ત્યારે પાર્લિયામેન્ટ્રી સ્ટેન્ડિંગ કમિટી ઓન હોમ અફેર્સના ચેરમેન બ્રિજલાલ સહિત રાજયસભા-લોકસભા કમિટીના સભ્યોએ સોમનાથ ખાતે દેવાધિદેવ મહાદેવ સમક્ષ શીશ ઝુકાવ્યું હતું. આ ઉપરાંત પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. જે પછી નવા સર્કિટ હાઉસ ખાતે કમિટીએ સોમનાથ મંદિરની સુરક્ષાને લગતી બાબતો વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી. મંદિરની મુલાકાત લઈ શિલ્પની દ્રષ્ટિએ કલાત્મકતા તેમજ આધ્યાત્મિક દ્રષ્ટિએ સોમનાથ મંદિરની ભવ્યતા નિહાળી કમિટીના તમામ સભ્યો મંત્રમુગ્ધ થયા હતાં. દર્શન બાદ સંકિર્તન હોલ ખાતે શ્લોકના સુમધુર ઉચ્ચારણોથી સોમનાથ મંદિરના પૂજારીઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી કમિટીના તમામ સભ્યોના હસ્તે પૂજન, અર્ચન સાથે 'સોમેશ્વર મહાપૂજા' અને આરતી સંપન્ન કરાવવામાં આવી હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટ દ્વારા કમિટીના તમામ સભ્યોને પ્રસાદ ભેટ આપવામાં આવી હતી. સોમનાથ દર્શન બાદ કમિટિએ 'ઓન ધ સ્પોટ એસેસમેન્ટ ઓફ ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ ઓફ સોમનાથ ટેમ્પલ' અંતર્ગત નવા સર્કિટ હાઉસ ખાતે મિટિંગ યોજી હતી. જેમાં જિલ્લા કલેકટર એચ.કે.વઢવાણિયાએ પ્રેઝન્ટેશન દ્વારા સોમનાથ મંદિરની ભૌગોલિક સ્થિતિ વિશે ચિતાર આપ્યો હતો તેમજ કંટ્રોલરૂમ તેમજ આપત્તિ સમયના ઉપયોગમાં લેવાતી વિવિધ જરૂરિયાતો વિશે પ્રાથમિક માહિતી આપી હતી. જ્યારે જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ મંદિરની રાઉન્ડ ધ ક્લોક સિક્યોરિટી, પેટ્રોલિંગ, આર્મ્ડ સિક્યોરિટી, વોચ ટાવર, હોટલ્સનું ચેકિંગ એમ સુરક્ષાને લગતી વિવિધ બાબતો જણાવી હતી. ઉપરાંત GSDMA સીઈઓ મનિષ ભારદ્વાજ દ્વારા તમામ રિકન્સ્ટ્રક્શન એક્ટિવિટી, દરિયાઈ આપત્તિની તૈયારી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન વિશે અવગત કરાયા હતાં. જે પછી અધ્યક્ષસ્થાનેથી સોમનાથ મંદિરની સુરક્ષાને લગતી વિવિધ સુરક્ષા બાબતો વિશે સૂચનાઓ આપવામાં આવી હતી. પાર્લિયામેન્ટ્રી સ્ટેન્ડિંગ કમિટી ઓન હોમ અફેર્સના સભ્યોની સોમનાથ મુલાકાત સમયે સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિત ગીર સોમનાથ જિલ્લાના વહીવટી તંત્રના શીર્ષ અધિકારીઓની પણ ઉપસ્થિતિ રહી હતી.

# રાજકોટમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના જનસંપર્ક કાર્યાલયનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે ઉદ્દઘાટન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૫



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમની રાજકોટ મુલાકાત દરમ્યાન રાજકોટ ખાતે ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાના જનસંપર્ક કાર્યાલયનું ઉદ્દઘાટન કર્યું હતું. મુખ્યમંત્રીએ રાજકોટ શહેરના વિધાનસભા મતવિસ્તાર-૭૦માં ભક્તિનગર સોસાયટી રોડ આવેલા આ કાર્યાલયમાં ઉપલબ્ધ કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની સુવિધા, વર્ચ્યુઅલ સભાખંડ, કોન્ફરન્સ હોલ અને વિડીયો કોન્ફરન્સ હોલનું નિરીક્ષણ પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ, એસ.ટી. બસ કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ તેમજ પાલક માતા-પિતા યોજના અંતર્ગત આર્થિક સહાયના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જનસંપર્ક કાર્યાલયના ઉદ્દઘાટન પ્રસંગે રકતદાન શિબિર પણ યોજાઈ હતી. આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ અરજદારોને પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યાલયની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો. પ્રજા સાથેનો સંપર્ક વધુ મજબૂત કરવા તથા પ્રજાકીય પ્રશ્નોનો સરળતાથી ઉકેલ આવે તે હેતુસર આ જનસંપર્ક કાર્યાલયનું નિર્માણ કરાયું છે. આ કાર્યાલયમાં સરકારી યોજના સંબંધી માર્ગદર્શન અને તેના લાભ મેળવવા માટેની જરૂરી પ્રક્રિયા કરી આપવામાં આવશે તેમજ કોઈપણ વ્યકિત ધારાસભ્યને પોતાની રજૂઆત સીધી કરી શકશે. આ તકે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર ડો. પ્રદીપભાઈ ડવ, સાંસદ મોહનભાઈ કુંડારીયા અને રામભાઈ મોકરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદર, ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા અને જયેશભાઈ રાદડીયા, ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન રક્ષાબેન બોળીયા, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી. પી. વૈષ્ણવ, મૂકેશભાઈ દોશી, વિરેન્દ્રસિંહ ઝાલા, રાજુભાઈ ધ્રુવ, ધનસુખભાઈ ભંડેરી સહિતના આગેવાનો મામલતદાર જે.વી. કાકડીયા અને પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાચી તીર્થ ખાતે બિરાજતા શ્રી પૃથ્વેશ્વર મહાદેવને ડ્રાયફ્રૂટનો શ્રુંગાર



(જાદવભાઈ ચુડાસમા દ્વારા)

પ્રાચી તા.૫

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થની પૂર્વ વાહીની સરસ્વતી નદીના કિનારે બિરાજતા શ્રી પૃથ્વેશ્વર મહાદેવને પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવાર નિમિત્તે ડ્રાયફ્રુટનું શૃંગાર કરવામાં આવ્યો હતો. જેમાં આજુબાજુ વિસ્તારમાંથી બોહોળી સંખ્યામાં ભકતજનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# જૂનાગઢમાં પૂ. સંત તેજુરામ સાહેબ તથા ભાઈ સાહેબ ભગવાનદાસ સાહેબનો વરસી ઉત્સવ ઉજવાશે

જૂનાગઢ તા.૫

જૂનાગઢનાં સંઘાડીયા બજારમાં આવેલ ગુરૂનાનક મંદિર (જુના મંદિર) ખાતે તા. ૧૦-૯-૨૩ રવિવારનાં રોજ વરસી ઉત્સવમાં સત્સંગ કાથા કીર્તનનો ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૧૦-૯-૨૩ના રોજ સવારે ૮ થી ૯ આશાદીવાર સાહેબ ત્યારબાદ પ્રસાદી આપવામાં આવશે. સાંજે ૬ થી ૭ સુખમની સાહેબનો પાઠ સાહેબ થશે. સાંજના સાંજે ૭ થી ૯ રાજકોટવાળા ભગત ઉતમચંદ મ્યુઝીકલ પાર્ટીવાળાનો પ્રોગ્રામ થશે.

ત્યારબાદ ગુરૂગ્રંથ સાહેબનો ભોગ સાહેબ તથા આરતી થશે ત્યાર બાદ સર્વ સાદસંગત માટે આમ ભંડારાનું આયોજન કરેલ છે. તો આ વરસી ઉત્સવમાં સત્સંગ કાથા કીર્તનનો લાભ લેવા મંદિરના સંત વાસુરામસાહેબ મંદિરના ગાદીપતી મહંત ગુરૂમુખદાસ વાસવાણીની યાદીમાં જણાવેલ છે.

# વરસાદ ખેંચાતા ગીર-સોમનાથના ખેડૂતો મૂંઝવણમાં મુકાયા કોડીનારના ધારાસભ્યએ ખેડૂતોની વેદનાને આપી વાચા

## મુખ્યમંત્રી અને ઊર્જા મંત્રીને કરી રજૂઆત ગીર-સોમનાથ જિલ્લાને ૧૦ કલાક વીજળી આપવામાં આવે તો જ ગીરનો ખેડૂત બેઠો થઈ શકેશે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૫

થોડા સમય પહેલા મુખ્યમંત્રી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, ગુજરાતના ખેડૂતોને હવે સૂર્યોદય યોજના મુજબ ૧૦ કલાક વીજળી દિવસે આપવામાં આવશે. ત્યારે જાહેરાતમાં ગીર-સોમનાથ જિલ્લાને અન્યાય થયો હોવાની લાગણી ગીરના ખેડૂતોમાં પ્રવર્તી રહી છે. આ સમયે કોડીનારના ધારાસભ્ય ડો.પ્રદ્યુમ્ન વાજા અને તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમારે મુખ્યમંત્રી તેમજ ઉર્જા મંત્રીને પત્ર લખીને જાણ કરી છે કે, અમારા જિલ્લાને પણ ૧૦ કલાક વીજળી આપવામાં આવે તેવી પત્ર લખીને માંગ કરી છે. ગીર-સોમનાથ જિલ્લો સરકાર માટે અણ માનીતો હોય તેવું ખેડૂતોને લાગી રહ્યું છે. ગીરના ખેડૂતોને હાલ ૮ કલાક માંડ વીજળી મળે છે અને તે પણ કટકે કટકે જેથી વરસાદ ખેંચાતા સોયાબીન, તુવેર, મગફળી, કપાસ અને બાજરીનો પાક હાલ સુકાવા લાગ્યો છે. દરેક પાકને હાલ પિયતની જરૂર છે. ગીરનો ખેડૂત કહે છે ભલે અમને ૮ કલાક વીજળી મળે પરંતુ તે સળંગ મળવી જોઈએ. વચ્ચે વચ્ચે કાપ આવે તો મોટી સમસ્યા સર્જાય છે. કિસાન સૂર્યોદય યોજના પણ ગુજરાત સરકારની જ છે. ગીર વિસ્તારમાં દિવસે વીજળી આપવાની વાત સરકારે કરી હતી. થોડો સમય ૧૦ કલાક વીજળી મળી પણ ખરી પરંતુ હવે ત્રુટક ત્રુટક માંડ આઠ કલાક વીજળી મળે છે. જેથી ખેતરમાં ઉભેલા પાકને પૂરતી પિયત મળતી નથી. ગીર-સોમનાથ જિલ્લાએ વર્તમાન સરકારમાં ત્રણ ધારાસભા બેઠક ભાજપને આપી છે. આમ છતાં આ જિલ્લો સરકાર માટે અણ માનીતો હોય તેવો તાલ રચાય રહ્યો છે. ગીર બોર્ડરને અડીને આવેલા આ જિલ્લામાં દિવસે વીજળી મળતી તો થઈ પરંતુ ૧૦ કલાકનો બદલે ૮ કલાક જ વીજળી મળે છે. એ પણ ત્રુટક ત્રુટક ત્યારે ગીરનો ખેડૂત મૂંઝાયો છે. તે એવી લાગણી અનુભવી રહ્યો છે કે, 'જિલ્લામાં ખેડૂત નેતૃત્વ શક્તિ શુખતમ થઈ ગઈ છે' ખેડૂતોએ આ અંગે કોડીનારના ખેડૂતોએ સાશક પક્ષના ધારાસભ્ય ડો. પ્રદ્યુમ્ન વાજા તથા તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ બારડને રજુઆત કરતા તેઓએ ખેડૂતોની વ્યથા જાણી તેઓને વાચા આપતો પત્ર રાજ્યના મુખ્યમંત્રી તથા ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈને પત્ર લખી જણાવ્યું છે કે, તાજેતરમાં મુખ્યમંત્રી એ ગુજરાતના ખેડૂતને ૧૦ કલાક વીજળી આપવાની જે જાહેરાત કરી છે તેમાં ગીર-સોમનાથ જિલ્લાનો સમાવેશ કરવામાં આવે જેથી વરસાદની ખેંચને કારણે ખેડૂતોના સુકાઈ રહેલા પાકોને જીવતદાન મળે. ગીરના ખેડૂત પાસે પિયત માટેનું પાણી છે પરંતુ પૂરતી અને સળંગ વીજળી સરકારે આપવી ઘટે.

### દીવમાં મોઢવણિક મહિલા મંડળમાં નવા હોદ્દેદારોની વરણી

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૫

દીવમાં છેલ્લા ૨૪ વર્ષથી ચાલી રહેલા મોઢવણિક મહિલા મંડળમાં સર્વાનુમતે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે ભાવનાબેન ધવલ શાહ, ઉપપ્રમુખ પદે માર્ગીબેન શાહ તેમજ ખજાનચી તરીકે સેજલબેન પારેખને જવાબદારી સોંપવામાં આવી છે.

# ગીર-સોમનાથ જિલ્લામાં બાગાયત વિભાગ દ્વારા માળી તાલીમ માટે અરજીઓ મંગાવાઇ

(પ્રતિનિધિ દ્વારા)

ગીર-સોમનાથ તા.૫

રાજ્ય સરકાર દ્વારા બાગાયત ખાતાની નવી યોજના વર્ષ ૨૦૨૩-૨૪ માટે અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ (માળી તાલીમ) નવી બાબત તરીકે મંજુર કરવામાં આવેલ છે.

રાજ્યના શહેરોમાં બાગાયતનો વ્યાપ વધારવા તેમજ તાલીમ થકી યુવાનોના કૌશલ્યોમાં વૃધ્ધિ કરી તેમના માટે રોજગારીની નવી તકો ઉભી કરવાનો નેક ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા વધુ એક નવીન યોજના તરીકે અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ (માળી તાલીમ) અમલમાં મુકવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત http//ikhedut. gujarat. gov.inના માધ્યમ મારફતે તા.૨૨-૯-૨૦૨૩ સુધી અરજીઓ મંગાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૧૮ થી ૪૫ વર્ષના તાલીમાર્થીને ત્રણ દિવસીય તાલીમ, ગાર્ડન ટુલ કીટ અને રૂ.૨૫૦/- પ્રતિ દિનની મર્યાદામાં વૃત્તિકા મળવાપાત્ર રહેશે. આ યોજનામાં લાભ લેવા માંગતા અરજદારો પાસેથી http// ikhedut. gujarat. gov.inના માધ્યમ મારફતે તા.૨૨-૯-૨૦૨૩ સુધી અરજીઓ મંગાવવામાં આવે છે.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના કોઠારી સ્વામી પૂ. પી.પી. સ્વામીનો આજે જન્મદિવસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫



જૂનાગઢ જવાહર રોડ સ્થિત સ્વામિનારાયણ મુખ્ય મંદિરના કોઠારી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી.સ્વામી) નો આજે ૪૮મો જન્મદિવસ છે. પુ. નરનારાયણદાસજી સ્વામીના શિષ્ય એવા પી.પી.સ્વામીએ સતત ૨૨ વર્ષ સુધી રાજકોટ ભૂપેન્દ્ર રોડ સ્વામિનારાયણ મંદિરમાં પણ સેવા આપી ચૂકયા છે. ૨૦૦૧માં ભૂકંપ કુદરતી આપદા વખતે પણ ફૂટપેકેટ, અનાજકીટ, વસ્ત્રોવગેરેની સેવા આપેલ જન્માષ્ટમીના તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ રથને શોભાયાત્રામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલ. વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૮ સુધી જૂનાગઢ મંદિરના પણ અનેક સેવાકીય કાર્યો કરેલ છે. હાલમાં જૂનાગઢ મંદિરના ચેરમેન કોઠારી સ્વામી દેવનંદનદાસજી અને મહંત શા. પ્રેમસ્વરૂપદાસજી સાથે મળી પી.પી. સ્વામી કોઠારી તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે. કોરોના મહામારીમાં સતત મંદિરમાં આઈસોલેશન વોર્ડ તૈયારી કરી ૧૦૦થી વધુ બેડની વ્યવસ્થા કરેલ. તાઉતે વાવાઝોડા દરમ્યાન અનાજ કીટ અને સમાજના પુનઃસ્થાપના માટે ખૂબ મોટું યોગદાન તેમજ તાજેતરમાં થયેલ પુર-હોનારતની તારાજીમાં પણ સતત લોકસંપર્કમાં રહી ફૂટ પેકેટની સેવા કરી હતી. જૂનાગઢ મંદિરમાં તેમની આગવી સુજ-બુઝથી નવીનીકરણ અનેક પ્રકલ્પો ચાલી રહ્યા છે. મંદિરને આરસ-પહાણ (માર્બલ)થી મઢવાનું, મુખ્ય પ્રવેશદ્વાર તેમજ વિશાલ ભોજનાલયનું નિર્માણ વગેરે સત્કાર્યો દ્વારા પૂ.પી.પી. સ્વામી સતત સમાજ સેવામાં કાર્યરત છે. આજે તેમના જન્મદિવસે સંતો-મહંતો-સત્સંગી ભક્તો અને સમાજ શ્રેષ્ઠિઓ ખુબખુબ શુભકામનાઓ પાઠવી છે. તેમના જન્મદિવસે વિશેષ શ્રી સિદ્ધેશ્વરમહાદેવજીનો અભિષેક અને શ્રી રાધારમણદેવ આદિસર્વદેવોને ધજા આરોહણનો કાર્યક્રમ પણ રાખેલ છે.

# શ્રાવણ માસ - પવિત્ર મંગળવાર નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ગલગોટાના ફુલો



સાળંગપુર તા.૫

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસ - પવિત્ર મંગળવાર નિમિત્તે આજરોજ શ્રીકષ્ટભંજનદેવને વાઘાનો દિવ્ય શણગાર અને દાદાના સિંહાસનને ગલગોટા ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવેલ એવં સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# આવતીકાલે શીતળા સાતમ

શ્રાવણ વદ સાતમને આવતીકાલે બુધવાર તા.૬.૯.૨૩ના દિવસે શીતળા સાતમ છે. આ દિવસે શીતળા માતાજીની પૂજા કરવાનું મહત્વ વધારે છે તથા ટાઢુ ખાવાનું મહત્વ છે

પુજા વિધિઃ આ દિવસે સવારે વહેલા ઉઠી નિત્યકર્મ કરી શીતળા માતાજીની કુલેર બનાવી અને શ્રીફળ તથા કુલેર લઈ શીતળા માતાજીના મંદિરે સહ પરિવાર જવું ત્યારબાદ માતાજીને દિવો અથવા અગરબતી કરવી. શ્રીફળ વધેરવું. કુલેર ધરવી અને પ્રાર્થના કરવી. મારી તથા મારા બાળકો કુટુંબીજનો નું બીમારી થી રક્ષણ કરજો. શીતળા માતાજી શીતળના એટલે કે, ઠંડકના દેવી છે. ઘરમાં લોકો વારંવાર બીમાર પડતા હોય તો બીમારી દુર થાય છે અને ઘરમાં આવ નવાર ખોટા ઝગડા રહેતા હોય તો પણ માતાજીને પ્રાર્થના કરવાથી ઘરમાં શાંતિ થાય છે.

આથી શીતળા સાતમના દિવસે આખા પરિવારે ભેગા મળી અને માતાજીનું પુજન કરવું. આ દિવસે ટાઢુ ભોજન કરવું કોઈ પણ ગરમ રસોઈ રાંધવી નહીં સમાજમાં એક ખોટી માન્યતા છે કે શીતળા માતાજી જો રિસાઈ તો શીતળા ની બીમારી આપે પરંતુ આ માન્યતા તદન ખોટી છે માતાજી ટાઢક ના દેવી છે માતાજી જીવનમાં શાંતિ આપે છે અને બીમારીમાંથી રક્ષણ આપે છે

ખાસ કરીને જે લોકોને કોઈ મોટી બીમારી હોય કોઈપણ દવા પણ લાગુ ન પડતી હોય તો આ દિવસે માતાજીને પ્રાર્થના કરવી જોઈએ મારી બીમારી માતાજી દૂર કરો પૂજા કરવી જોઈએ આ દિવસે ઉપવાસ અથવા એકટાણું રહેવું જોઈએ

**શાસ્ત્રી રાજદીપ જોશી ( વેદાંત રત્ન)**

# રેસ્પીરેટરી મોશન મેનેજમેન્ટ (RPM) બ્રેસ્ટ કેન્સરના રેડીએશનમાં એડવાન્સ ટેકનોલોજી : ડો.નિશાંત માધાણી

## નાથાલાલ પારેખ ઈન્સ્ટીટયુટમાં રેડીએશનની સાથે RPM જેવી આધુનિક પધ્ધતીથી બ્રેસ્ટ કેન્સરની સફળ સારવાર

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૫

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)ના રેડીએશનના નિષ્ણાંત ડો. નિશાંત માધાણીએ મહિલાઓમાં જોવા મળતા કેન્સર વિશે માહિતી આપતા જણાવેલ કે મહિલાઓમાં સ્તન કેન્સર સૌથી વધુ જોવા મળે છે. કેન્સરના પ્રથમ તબકકામાં જો નિદાન કરવામાં આવે તો તેની સારવાર સરળ રહે છે અને જીવનની ગુણવત્તા જાળવીશકાય છે. ઓપરેશન સાથે શેકની (રેડીએશન) સારવાર પણ ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. જેના કારણે કેન્સરગ્રસ્ત અંગના સામાન્ય ભાગમાં ફરી કેન્સર થવાની સંભાવના ઘટાડે છે.

સ્તનનોભાગ શ્વાસોશ્વાસની પ્રક્રિયાને લીધે સતત હલતો રહે છે જેથી શેક જો શ્વાસના અમુક ચોકકસ તબકકામાં એ પણ ચોકકસ પધ્ધતીથી આપવામાં આવે તો હૃદય તથા ફેફસાને નુકશાન થતુ બચાવી શકાય છે.આ પધ્ધતીને **Respiratory Motion Management** કહેવાય છે.

રેસ્પીરેટરી મોશન મેનેજમેન્ટ એ રેડીએશન ટેકનોલોજીનો એક પ્રકાર છે જેમાં રેડીએશન થેરાપી નિયંત્રીત રીતે શ્વસનના ચોકકસ તબકકામાં આપવામાં આવે છે જેથી શેકનો ભાગ હૃદયને સ્પર્શ કરતો નથી અનેતેના દ્વારા કેન્સર ગ્રસ્ત ચોકકસ ભાગની સારવારમાં કરવામાં તબીબોને સરળતા રહે છે. તેમાં પણ શ્વસન દરમ્યાન હલતા ભાગમાં રેડીએશન થેરાપી આપવા માટે આ પધ્ધતી ચોકકસ સારવાર છે. એઉપરાંત આ પધ્ધતી દ્વારા સ્તનના કેન્સરના દર્દીને ઓછામાં ઓછા શેક આપીને ટુંક સમયમાં સારવાર પુરીકરી શકાય છે. નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલના રેડીએશનના નિષ્ણાંત ડો.નિશાંત માધાણીએ આ પધ્ધતીની તાલીમ યુરોપમાં મેળવેલ છે. અને હાલ તેઓ રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)માં આ પધ્ધતીથી દર્દીઓની સારવાર કરી રહ્યા છે. રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)માં આવી પધ્ધતીઓ વડે દર્દીઓને ઓછામાં ઓછા પીડા રહીત અને ટુંકા સમયમાં તેઓપોતાનુંસામાન્ય જીવનજીવી શકે તે માટે હોસ્પિટલના નિષ્ણાંત તબીબો હંમેશા પ્રયત્નશિલ છે.



# જૂનાગઢ જીલ્લામાં વ્હાલી દીકરી યોજનાનાં લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ લેવા અનુરોધ

જૂનાગઢ, તા.૫

ગુજરાત સરકારનાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત હાલ "વ્હાલી દીકરી યોજના" અમલમાં છે. આ યોજના હેઠળ લાભાર્થી દીકરીને ૧૮ વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી તબક્કાવાર રૂા.૧,૧૦,૦૦૦ની સહાય ચુકવવામાં આવે છે. જે દીકરીઓને મંજૂરી હુકમ આપવામાં આવેલ છે, તે તમામ દીકરીઓને પ્રધામંત્રીશ્રી જન આરોગ્ય યોજના (PMJAY) હેઠળલાભ મળે તેહેતુથી "વ્હાલી દીકરી યોજના"નાં તમામ લાભાર્થીઓના તથા કુટુંબના તમામ સભ્યોના આયુષ્માન કાર્ડ કઢાવવા માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. હાલ જૂનાગઢ જિલ્લામાં "વ્હાલી દીકરી યોજના"નાં ૧૧૧૯૩ લાભાર્થીઓ છે. એ તમામ લાભાર્થીઓનાંવાલીઓને તેમની દીકરીનુંઆયુષ્માન કાર્ડ કઢાવવા માટે અરજદારે પોતાનું તથા દીકરીનું આધાર કાર્ડ, રાશન કાર્ડ, દીકરીનો જન્મનો દાખલો અને આવકનો દાખલો લઈ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર અથવા ગ્રામ પંચાયતના **VCE**નો તાત્કાલીક સંપર્ક કરી આયુષ્માન કાર્ડકઢાવી લેવા અને કોઈ મુશ્કેલી જણાય તો મહિલા અનેબાળ અધિકારીની કચેરી નાં ફોન નં. ૦૨૮૫-૨૬૩૨૩૨૨ ઉપર સંપર્ક કરવા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવે છે.

# સંતશ્રી રાજેન્દ્રગીરી બાપુને યાત્રાધામ વિકાસ સમિતિ -સંગીત નાટય એકેડેમીની જવાબદારી સોંપવા મુખ્યમંત્રીને રજુઆત

જૂનાગઢ તા. ૫

જૂનાગઢનીસામાજીક સેવા અને રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા માટે કાર્યરત બીનરાજકીય સંસ્થા મધુર સોશ્યલ ગ્રુપના સલીમભાઈ ગુજરાતી દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી રાજેન્દ્રગીરી બાપુને યાત્રાધામ વિકાસ સમિતિ/ સંગીત નાટય એકેડેમીની જવાબદારી સોંપવા રજુઆત કરી છે. પત્રમાં જણાવેલ છે કે, વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારત વર્ષ ૨૦૨૩માં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહયું છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિકાસ વ્યકિત અભિગમ ધરાવતી ભાજપની ડબલ એન્જીન સરકાર કાર્યરત છે. ત્યારે રાજકીય અને આર્થિક વિકાસની સાથે સામાજીક અને ધર્મક્ષેત્રનો પણ પુરજોશથી વિકાસ થઈ રહયો છે. ત્યારે અમારી જાણમાં આવ્યું છે કે, યાત્રાધામ વિકાસ બોર્ડ અને સંગીત નાટય કલાક એકેડેમીમાં પ્રજાકીય પ્રતિનિધિઓની નિમણૂંક કરવાની છે ત્યારે જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ધર્મ અનુરાગી અને પ્રજાકીય સેવાના કામોમાં હર હંમેશા આગળ રહેતા મુચકુંદ ગુફાના મહંત પૂ.રાજેન્દ્રગીરી બાપુનો જો યાત્રાધામ વિકાસ બોર્ડ અથવા તો સંગીત નાટય અકાદમી જેવી સંસ્થાઓની જવાબદારી સોંપવામાં આવે તો રાજેન્દ્રગીરી બાપુના ધર્મ પારાયણ અને રાષ્ટ્રવાદના અભિગમ સાથે વ્યક્તિગત કોઠાસુઝ અને રિચક્ષણ બુધ્ધી પ્રતિભાનો રાષ્ટ્રને લાભ થાય તેમ છે. એક બિનરાજકીય સેવાભાવી સંસ્થા તરીકે મધુર સોશ્યલ ગ્રુપ દ્વારા રાજેન્દ્રગીરી બાપુને યાત્રધામ વિકાસ બોર્ડ અનો સંગીત નાટય કલા એકેડેમીના પ્રજાકીય પ્રતિનિધિ તરીકે નિમણૂંક આપવા અને ભલામણ ધ્યાનો લેવા પત્રમાં વિનંતી કરવામાં આવી છે.

# સારથી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ ખેલાડી ક્રિકેટ મેચ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

ભાવનગર ખાતે તારીખ ૨-૯-૨૦૨૩ના રોજ સારથી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ ખેલાડીની ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેચમાં દિવ્યાંગ ખેલાડીનો પ્રોત્સાહિત કરવા માટે નાવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટના પ્રમુખનો ગુજરાતી ફિલ્મના અભિનોત્રી ગીતાબોન અગ્રાવત ખાસ ઉપસ્થિત રહ્યા હતા અનો ગીતાબોન અગ્રાવતાના નાવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટ દ્વારા વિજેતા ટીમનો ટ્રોફી અનો દિવ્યાંગ ખેલાડીનો પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ખો ખોમાં લોઢવાની સ્વ.જે.આર. વાઢેર શાળાની યુ-૧૯ બહેનોની ટીમ વિજેતા



(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૫

સ્પોર્ટ્સ ઓથરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત પ્રશિક્ષણ ગીર સોમાથના સંયુક્ત ઉપક્રમે આયોજિત જિલ્લા કક્ષાની ખો ખોની સ્પર્ધા ડો.ભરત બારડશૈક્ષણિક સંકુલ -સુત્રાપાડા ખાતે રમાઈ હતી. જેમાં સ્વ.જે. આર. વાઢેર શૈક્ષણિક સંકુલ યુ-૧૯ બહેનોની ટીમ વિનર થઈ હતી. આ તકે કાનજીભાઈ ભાલીયા, નગરપાલિકાના સદસ્ય અજયભાઈ બારડ, ગીર સોમનાથ જિલ્લાના ટેકનિકલ મેનેજર નરેશભાઈ ગોહિલ, સ્વ. જે. આર. વાઢેર શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટી જશુભાઈ વાઢેર (ભાજપ યુવા પ્રમુખ), મા. શિક્ષક સંઘના પ્રમુખ હરેશભાઈ માટી, સુત્રાપાડા તાલુકાના કન્વીનર પિયુષભાઈ કાછેલા, આચાર્ય નારણભાઈ વાઢેર તથા વ્યાયામ શિક્ષક અરજનભાઈ વાઢેરે શુભેચ્છા પાઠવી અને આગળ જતાં ગીર સોમનાથ જિલ્લાનું નામ રોશન કરે.

# ગીરગઢડા ૧૦૮ની ટીમ દ્વારા સફળતા પૂર્વક ડીલેવરી કરાવી





(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૫

ગીરગઢડા તાલુકાના ફરેડા અને ફૂલકા ગામે રહેતા મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા ૧૦૮માં ફોન મળતા નીસાથે જ ગીરગઢડા ૧૦૮ની ટીમના ઈ.એમ.ટી.જગદીશ મકવાણા અને પાયલોટ ભરતભાઈ બારડ તાત્કાલિકઘટનાસ્થળે ઉપરપહોંચીને ઈ.એમ.ટી. જગદીશભાઈ દ્વારા પ્રાથમિક તપાસ કરવામા આવીહતી પણ તેમહિલાને હોસ્પિટલ લઈ જતા અને અચાનક રસ્તે અસહ્ય દુઃખાવો હોવાથી તત્કાલીક અમદાવાદ ૧૦૮ સેન્ટર ખાતેના ડોકટર સાથે ફોનમાં માર્ગદર્શન લઈ અને એમ્બ્યુલન્સ જ નોર્મલ પ્રસુતિ કરાવવાની સલાહ અને જરૂરી દવા આપવામાં આવી એટલે સફળતાપૂર્વક પ્રસુતિ કરાવીને માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો અને નજીકની સરકારી હોસ્પિટલ દાખલ કરવામા આવ્યા હતા. એમ્બ્યુલન્સમાં સફળતાપૂર્વક દીકરીનો જન્મ થતા પરિવારમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી અને પરિવારે ૧૦૮ના સ્ટાફનો આભાર માન્યો હતો. ઉત્તમ કામગીરી કરવા બદલ જિલ્લા પ્રોગ્રામ મેનેજર મહેન્દ્ર ચૌહાણ અને જિલ્લા અધિકારી દિપક ધ્રાણાએ પણ શુભેચ્છા પાઠવી હતી.

# યુવાઉત્સવ ચિત્ર સ્પર્ધામાં તપોવન સ્કૂલ તૃતિય



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૫

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ યુવા ઉત્સાવ ચિત્ર સ્પર્ધામાં તપોવન સ્કૂલના વિદ્યાર્થીની ધોરણ ૧૧ કોમર્સમાં અભ્યાસ કરતી ભંડેરી પલકએ તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. આ તકે તપોવન સ્કૂલે તેઓની આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવીયા હતા.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે શિક્ષક દિનની ઉજવણી









જૂનાગઢ, તા.૫

અખિલ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓમાં ગુરૂઓનું વિશેષ સ્થાન રહ્યું છે. આપણાં શાસ્ત્રોમાં પણ ગુરૂની મહિમાનો સવિશેષ ઉલ્લેખ જોવા મળે છે. આપણાં દેશના પૂર્વ મહા મહિમ રાષ્ટ્રપતિશ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ નિમિત્તે દર વર્ષે શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસે વિદ્યાર્થીઓ શિક્ષકોના સ્વરૂપમાં શાળાઓમાં ભણાવવાનું કાર્ય કરે છે. આવી રીતે વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે સાથે મૂલ્યનિષ્ઠ કેળવણીના સંસ્કારોનું સિંચન થાય છે અને પોતાના શિક્ષકો (ગુરૂઓ) પ્રત્યે અપ્રતિમ માન-સન્માનની લાગણી પણ જન્મે છે.શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ-જૂનાગઢ સંચાલિત માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે વિદ્યાર્થિનીઓ દ્વારા તા.૦૪-૦૯-૨૦૨૩ ને સોમવારના રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના શિક્ષણ નિયામકશ્રી એચ.પી. પોલરા સાહેબ, શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિત વિદ્યાગુરૂશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનુ સંચાલનશાળાની વિદ્યાર્થિનીઓ કુ.વિરાણી નંદની અને કુ.ગોરફાડ દિશીતાએ કર્યું હતું, તો કુ.કેશવાલા આયુષી અને જાની હીર એ વકતવ્ય રજૂ કર્યુ હતું. આ તકે શાળાના સુપરવાઈજરશ્રી એમ.ડી. ઠૂમ્મર સાહેબે આભારવિધિ કરી હતી, ત્યારબાદ વિદ્યાર્થિનીઓ દ્વારા જ શાળામાંશિક્ષણકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ તકે સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી. રાણપરિયા , વહીવટી અધિકારી કે.પી. ગજેરા અને સમગ્ર સંસ્થા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

# આજે ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન એટલે સાર્વત્રિક શિક્ષકોના એક કર્મયોગી પુરૂષ. આ કર્મયોગનેવાગોળવાનો,સમજવાનો, તેના રસ્તે ચાલવાનો દિવસ એટલે પાંચમી સપ્ટેમ્બર. આ જ આપણી કાયમી પૂંજી છે. આ વૈભવસંપત્તિને ઓળખીએ અને તેને અનુસરીએ તો શિક્ષણની -કેળવણીની મિલકત અનેક ગણી વધી જાય. તે માટે આવો રાધાકૃષ્ણનને પામીએ.

શિક્ષણને પોતાનો ધર્મ માનનારા ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ચેન્નઈ (મદ્રાસ) નજીકના યાત્રાધામ તિરૂતની ગામમાં તા. ૫ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ થયો હતો. તેમના પૂર્વજો સર્વપલ્લી નામક ગામના હોવાથી ગામની યાદ કાયમ રહે તે માટે તેમણે 'સર્વપલ્લી' નામ ધારણ કર્યું. તેમના પિતા વીરસ્વામી શિક્ષક હતા અને સાથે ગોરપદું પણ કરતા. પાંચ ભાઈઓમાં રાધાકૃષ્ણન? બીજા નંબરના હતા.

નાનપણથી જ તેઓ શરમાળ, સંકોચશીલ પરંતુ ભારે બહુમુખી પ્રતિભા સંપન્ન હતા. વાંચન અને મનનનો તેમને ભારે શોખ. ખ્રિસ્તી સ્કૂલમાં તેમણે શાળાકીય શિક્ષણ લીધું, મદ્રાસની ક્રિશ્ચયન કોલેજમાંથી 'દર્શનશાસ્ત્ર' વિષય સાથે પ્રથમ નંબરે બી.એ.થયા. 'તત્વજ્ઞાન' વિષયમાં એમ.એ.ની ડિગ્રી મેળવી અને પ્રેસિડન્સી કોલેજમાં તર્કશાસ્ત્ર (તત્વજ્ઞાન) ના પ્રાધ્યાપક થઈને શિક્ષણકાર્યનો આરંભ કર્યો. એમનો પહેરવેશ લાંબો કોટ અને ધોતિયું અને માથે મદ્રાસી પાઘડી. વિદેશમાં પણ તેઓ ગાંધીજીની જેમ આ ભારતીય પોશાક પહેરતા રાધાકૃષ્ણનનું અંગ્રેજી અને સંસ્કૃત વિષય પર ગજબનું પ્રભુત્વ હતું. અંગ્રેજીમાં એમનું વકતવ્ય સાંભળી સૌ એમ જ માનતા કે તેઓ અમેરિકાની કેમ્બ્રિજ કે ઓકસફર્ડ યુનિમાં ભણ્યા હશે. વર્ગખંડમાં તેમની એવી જાદુઈ અસર થતી કે કોઈ શિષ્ય બેધ્યાન ન બનતો. પોતાના વિનમ્ર અને મિલનસાર સ્વભાવથી તેઓ શિષ્યો તથા સાથી કર્મચારીઓમાં પણ ખૂબ પ્રિય બન્યા હતા. તેઓ ખ્યાતિ અને પ્રસિદ્ધિથી દૂર જ રહેતા ભારતની ઋષિ પરંપરાને નાનપણથી જ આદર આપતા, શિક્ષણને વધુ મહત્વ આપતા. તેઓ મહાત્મા ગાંધીજી અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરના આજીવન અનુયાયી હતા. તેઓ જુદા જુદા પ્રાંતની અને વિદેશની પંદરથીય વધુ ભાષામાં વાતચીત કરી શકતા. વર્ગમાં ટટ્ટાર, મજબૂત બાંધો, ખડતલ, માથે પાઘડી, ભારતીય પોશાકમાં તેઓ જ્યારે અનોખી વાક્છટાથી અંગ્રેજીમાં વ્યાખ્યાન આપતા તો સૌ મંત્રમુગ્ધ થઈ જતા. ૧૭ વર્ષ સુધી તેમણે યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાનો આપ્યાં.

સને ૧૯૩૧માં તેઓ આંધ્ર યુનિ.માં કુલપતિ થયાં. યુનિવર્સિટીએ તેમની સેવાનીકદર કરીને એલ.એસ ડી.ની માનદ ઉપાધિથી તેમને નવાજયાં. હવે પ્રોફેસર રાધાકૃષ્ણન ડો.રાધાકૃષ્ણન બન્યા. સને. ૧૯૫૦થી તેઓ ત્રણ વર્ષરશિયાના એલચી (દૂત) બન્યા.

તે અરસામાં જ ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે તેમની વરણી થઈ. ૧૯૫૨ થી ૧૯૬૨ સુધી તેમણે એ પદ શોભાવ્યું. ત્યારબાદ ૧૯૬૨ માં દેશના પ્રથમ નાગરિક તરીકેનું બહુમાન તેમને મળ્યું, સૌ પ્રથમ ભારત રત્ન એવોર્ડ મેળવનાર ડો. રાધાકૃષ્ણન હતા. ત્યારબાદ પાંચ વર્ષ તેમણે પોતાની સૂઝબૂઝ અને બુદ્ધિ પ્રતિભાથી રાષ્ટ્રપતિપદ શોભાવ્યું. રાષ્ટ્રપતિ બન્યા પછી પણ આજીવન તેઓ નખશિખ શિક્ષક જ રહ્યા. તેમના કર્તવ્યમાં એક આદર્શ શિક્ષકની સમૃદ્ધિ જ પ્રગટતી. તેઓ રાષ્ટ્રપતિ બન્યા ત્યારે રૂા.૧૦,૦૦૦ના પગારમાંથી માત્ર ૨૫૦૦ રૂપિયા પગાર જ તેઓ લેતા હતા. આમ તેમણે જીવનભર શિક્ષક ધર્મ અપનાવ્યો હતો. પોતે પોતાનો પરિચય રાષ્ટ્રપતિ તરીકે નહીં, પરંતુ– 'હું શિક્ષક છું' એમ કહીને આપતા. ભારતના ત્રણેય વડાપ્રધાનો- જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી અને ઈન્દિરાગાંધી સાથે તેમણે દેશની અપૂર્વ સેવા કરી. છેવટે આ દિવ્યાત્માનો એપ્રિલ, ૧૯૭૫માં દૈહિકજીવનનો અંત આવ્યો. આમ તેઓ શિક્ષણ ક્ષેત્રની સાથે રાજકીય ક્ષેત્રે પણ સમર્પિત રહ્યા. તેમની એક શિક્ષકથી રાષ્ટ્રપતિ પદ સુધીની જીવનયાત્રા અદભુત હતી. તેઓ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સેતુને અતૂટ માનતા. તેઓ માનતા કે શિક્ષક અને શિષ્ય વચ્ચે આ આદાન પ્રદાનનો, એકબીજાના સ્વીકારની ભાવનાનો અવિરત પ્રવાહ વહેવો જોઈએ. એક વિદ્યાર્થીમાં ઉદારતા, સહાનુભૂતિ, સાહસ અને વીરતાની ભાવનાનો વિકાસ કરવામાં શિક્ષક મહત્વની ભૂમિકા ભજવે છે. તે શિષ્યને સત્યધર્મ અને સદગુણોનું આચરણ કરતાં શીખવે છે. તેથી બાળક-વિદ્યાર્થી પણ શોખના આચાર-વિચારનું અનુસરણ કરતાં રહે છે. તેથી શિક્ષકે એવી રીતે શિક્ષણ આપવું જોઈએ કે જ્ઞાન પ્રકાશમાં વિદ્યાર્થી પોતાનું અહમ ઓગાળી મન તથા બુદ્ધિ અને આત્માને પરમાત્મા સાથે એકાકાર કરી દે.




પોતાનો જન્મદિવસ 'શિક્ષકદિન'તરીકે ઉજવવાનો તેમનો આશય શિક્ષકને સમાજમાં ગૌરવ અને પ્રતિષ્ઠા અપાવવાનો હતો. આવી ઉદાત્ત ભાવના દાખવીને તેમણે સમગ્ર શિક્ષણ જગતને સામાજિક માભો અને વિરલ પ્રતિષ્ઠા અપાવી અને એક અનોખા 'પ્રસંગદિન'ની ભેટ આપી. એક શિક્ષક નાનાં નાનાં ગામડાં સુધી પહોંચી બાળકોના જીવન ઘડતર દ્વારા રાષ્ટ્રઘડતરનું કાર્ય કરી રહયો છે. તેથી જ શિક્ષકોના ગૌરવને વધારવા 'શિક્ષકદિન' ઉજવાય છે. શાળાઓમાં આ દિવસની ઉમંગથી ઉજવણી કરાય છે. વિદ્યાર્થીઓ આ દિવસની ઉજવણી હોંશે હોંશે કરવા આતુરતાથી રાહ જુએ છે. શાળા-કોલેજમાં ઉત્સવનું વાતાવરણ સર્જાય છે. વર્ગખંડોને શણગારવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થી શિક્ષક બને છે અને શિક્ષણ કાર્ય કરાવે છે. વિશ્વભરમાં 'શિક્ષકદિન'ચીનમાં પહેલી સપ્ટેમ્બરે, યુ.એસ.એ માં મે મહિનાના પ્રથમ મંગળવારે, તાઈવાનમાં ૨૮ સપ્ટેમ્બરે, કોરિયામાં ૧૫મી મેના રોજ, ઈરાનમાં બીજી મે, મલેશિયામાં ૨૪મી નવેમ્બરે અને રશિયામાં પાંચમી ઓકટોબરે તથા થાઈલેન્ડમાં ૧૬મી જાન્યુઆરીએ ઉજવાય છે. શિક્ષકદિને મુખ્યમંત્રીના હસ્તે આદર્શ શિક્ષકો 'શ્રેષ્ઠ શિક્ષક'નો પુરસ્કાર પણ ગ્રાહણ કરે છે કે જેઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને તેઓના ઉજજવળ ભવિષ્ય માટે સતત પ્રયત્નશીલ અને પ્રવૃત્ત રહે છે.

- સરસ્વતી સ્કૂલ - જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારતનો ભટકાવવાની નાપાક હરકત કરતું ચીન

ભારત સરકાર આજકાલ રાજધાની દિલ્હીમાં આ જ મહિને થનારી જી-૨૦ શિખર સંમેલનની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ દરમ્યાન ચીન પોતાના સત્તાવાર નકશામાં આપણા અરુણાચલ પ્રદેશ અને અક્સાઇ ચિનને પોતાના બતાવીને આપણને ઉશ્કેરવા કે ભટકાવવાની નાપાક હરકત કરી રહ્યું છે. પરંતુ ભારત ચીનની આ હરકતોથી હેરાન નથી. ચીન પાછલા કેટલાય વર્ષોથી રહી રહીને એવી હલકી કરતૂતો કરતું જ રહે છે. કદાચ એટલા માટે વિદેશ મંત્રી એસ.જયશંકરે પોતાના એક હાલના ઈન્ટરવ્યૂમાં કહ્યું, ‘આ ચીનની જૂની આદત છે, પહેલાં પણ ચીન ભારતના કેટલાય હિસ્સાને લઈને નકશા કાઢતું રહ્યું છે, પરંતુ આ પ્રકારના દાવાથી કશું નથી થતું. અક્સાઇ ચિન અને લદાખ ભારતનો અભિન્ન હિસ્સો છે.’

હાલમાં એક અઠવાડિયા પહેલાં જ ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બ્રિક્સ દેશોની બેઠકમાં મુલાકાત થઈ હતી. સંભવ છે કે જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે પણ જિનપિંગ ભારત આવે. પછી આ દરમ્યાન આ પ્રકારની કૂટનીતિક કડવાશ ઘોળવાનો શો મતલબ છે?

વસ્તુતઃ કોરોના મહામારીને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં જે અસ્ત-વ્યસ્તતા પેદા થઈ, ત્યારબાદ થયેલ પુનર્ગઠનમાં ચીનની આર્થિક પ્રગતિનો લય જ નહીં, કમર પણ તૂટી ગઈ લાગે છે. તેને એ વાતથી પણ સમજી શકાય છે કે કોરોના બાદ જ્યાં આજે અમેરિકી અર્થવ્યવસ્થાનો વિકાસ દર છ ટકાની આસપાસ રહેવાની આશા છે, ત્યાં જ ૨૦૨૩ના બીજા ત્રિમાસિક બાદ ચીની અર્થવ્યવસ્થાનો વાર્ષિક વિકાસ દર ૩.૨ ટકાથી નીચે જતો દેખાઈ રહ્યો છે. ચીનથી બહુરાષ્ટ્રીય કંપનીઓ પોતાના બોરિયા-બિસ્તરા સમેટીને અમેરિકા તરફ વળી રહી છે. અમેરિકા સાથે ટ્રેડ વોરમાં ફસાઈ જવાને કારણે ચીનની નિકાસમાં પરેશાન કરનારો ઘટાડો આવ્યો છે. એવું નથી કે ચીની અર્થશાસ્ત્રી કે પોતાના રણનીતિકારો સાથે ખુદ જિનપિંગ આ સ્થિતિમાંથી બહાર નીકળવા માટે હરસંભવ પ્રયાસ નથી કરી રહ્યા, પરંતુ ચીનનું સંકટ બેવડાઈ ગયું છે.

એક તરફ દુનિયાના મોટાભાગના દેશો સાથે ચીનના કૂટનીતિ સંબંધો તો બગડી જ રહ્યા છે કે પછી વિશ્વાસહીનતાના દોરમાં જઈ પહોંચ્યા છે. બીજી તરફ આ જ પરિસ્થિતિઓમાં જ્યાં ચીનની અર્થવ્યવસ્થા બેહદ સુસ્ત પડી ચૂકી છે, ત્યાં જ ભારતીય અર્થવ્યવસ્થા ન માત્ર પોતાની સરપટ ચાલથી આગળ વધી રહી છે, બલ્કે આંતરરાષ્ટ્રીય સંબંધોના કૂટનીતિક પરિદૃશ્યમાં ભારતની હેસિયત નિરંતર વધતી જાય છે.

હાલમાં કેટલીય ઘટનાઓએ ભારત અને ચીન વચ્ચે ન માત્ર તુલના પેદા કરી છે, બલ્કે ભારતનું પલ્લુ પણ ભારે કર્યું છે. જોકે ભારતે ભલે વીતેલાં વર્ષો સુધી ચંદ્ર સુધી સીમિત ઉડાનભરી હોય, પરંતુ હવે તે વીતેલા દિવસોની વાત થઈ ગઈ છે. આપણી હાલની સફળતાઓ ચીનને હતાશ કરવા માટે પૂરતી છે. જ્યાં ભારતના પહેલા ચંદ્રયાને ચંદ્રની ધરતીમાં પાણીની શોધ કરી હતી, ત્યાં જ હાલમાં સોફ્ટ લેન્ડિંગ કરનારા ચંદ્રયાન-૩એ હવે ચંદ્ર પર ઓક્સિજનની શોધ કરી લીધી છે. જ્યારે ચીન ભલે આપણાથી પહેલાં પોતના મૂનમિશનને સોફ્ટ લેન્ડિંગ કરાવી ચૂક્યું હોય કે અંતરિક્ષમાં પોતાનું ખાનગી સ્પેસ સ્ટેશન બનાવવા વિશે વિચારી રહ્યું હોય, પરંતુ ચીનના મૂનમિશનમાં એવી કોઈ સફળતા હાંસલ નથી થઈ જે ધરતીવાસીઓના મૂન મિશનને

મહત્ત્વાકાંક્ષાઓ સાથે આગળ વધારે. તેથી એ માનવામાં આવે છે કે ચીન વાસ્તવમાં ભારતની આ સફળતાને પચાવી નથી શકતું. સાથે જ ભારતની અર્થવ્યવસ્થાએ ચીનના દાઝ્યા પર મીઠું ભભરાવવાનું કામ કર્યું છે. જ્યાં કોરોના બાદ ચીની અર્થવ્યવસ્થા ભરપૂર કોશિશ કર્યા બાદ પણ ૩.૫ ટકાના વિકાસ દર સુધી પહોંચી નથી શકતી, ત્યાં જ ભારતનો વિકાસ દર છ ટકાથી ઉપર છે. તેનાથી પણ ચીન વધુ હતાશ છે.

ભારતની સાથે આ ક્ષેત્રોમાં પાછળ પડી ગયેલા ચીને પોતાની એ જ હરકતોને ફરીથી વેગવાન બનાવી છે, જેને કારણે તે પોતાની જનતા સુદ્ઘાં અને દુનિયામાં એ ભ્રમ ફેલાવવામાં અમુક હદે સફળ રહ્યું છે કે ભારત તેનાથી ડરે છે. જ્યારે હકીકત એ નથી અને એ વાત બીજાઓ કરતાં ખુદ ચીન જાણે છે. વસ્તુતઃ ચીન દેવાંની પોતાની સામ્રાજ્યવાદી નીતિમાં ખરાબ રીતે ફસાઈ ગયું છે. ચીને આખી દુનિયાના લગભગ ૧૫૦ દેશોને દોઢ લાખ કરોડ ડોલરનું ઋણ આપેલું છે. પરંતુ તે પોતાની આ ઋણનીતિમાં કંઈ હાંસલ કરવાને બદલે ઉપરથી ફસાઈ રહ્યું છે. ચીનને લાગતું નથી કે તે આસાનીથી પોતાનું ઋણ પાછું મેળવી શકશે. સૌથી મોટી વાત કે દુનિયાના ૧૩ મુસ્લિમ દેશ, જેમને ચીને સૌથી વધુ લોન આપી છે, તેમની અર્થવ્યવસ્થા ખરાબ રીતે તૂટી ગઈ છે અને તેઓ ચીને આપેલી લોનને ઈચ્છવા છતાં પણ સમય પર પાછી નહીં ચૂકવી શકે. તેમાં પાકિસ્તાન, બહરીન, સુડાન, સોમાલિયા, સીરિયા, કતર, ઓમાન, તુર્કમેનિસ્તાન, અલ્જીરિયા, મલેશિયા અને ઈન્ડોનેશિયા પણ છે.

ચીનને મુસ્લિમ દેશોને લોનની જાળમાં ફસાવવાનો એક ફાયદો પણ થયો છે કે તે પોતાને ત્યાંના ઉઇગર મુસલમાનો પર બેરહેમીથી દમન કરે છે અને કોઈપણ મુસ્લિમ દેશ એક શબ્દ બોલવા તૈયાર નથી થતો. પરંતુ આ ફાયદાની અવેજીમાં ચીન આટલી મોટી લોનની રકમ ડૂબી જવાનું સ્વીકાર નહીં કરી શકે. પરંતુ હવે ના તો તેની અર્થવ્યવસ્થા, તેનાં સપનાંને આગળ વધારી રહી છે અને ના તેમના કરજમાં દબાયેલા દેશોમાં તેનો રોબ ચાલી રહ્યો છે. તે ભારત તરફથી પણ દુવિધાની દશામાં રહે છે. તેથી હતાશ થઈને તેઓ પોતાના ચિર-પરિચિત નકશા પ્રોપેગેંડા પર ઉતરી આવ્યું છે, પરંતુ ભારત હવે પહેલાં જેવું ભારત નથી રહ્યું જે તેને કોઠું આપે.

# સાંસદ પૂનમ માડમની ત્રીજી ટર્મની ટિકિટ લગભગ નિશ્ચિત

## ખુદ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે જામનગરમાં જાહેર મંચ પરથી ઈશારો કર્યો



ગાંધીનગર,તા.૫

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં અનેક સાંસદોની ટિકિટ કપાય તેવી શક્યતા છે. જો કે જામનગરના સાંસદ પૂનમ માડમની ટિકિટ લગભગ નિશ્ચિત હોવાનો ઈશારો ખુદ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે કર્યો છે. જામનગરમાં આયોજિત એક કાર્યક્રમમાં પ્રારંભિક ઉદબોધનમાં પાટીલ ઉપસ્થિત તમામ આગેવાનોના નામ બોલ્યા હતા. સી આર પાટીલે જાહેર મંચ પરથી જ પૂનમ માડમ લગભગ ત્રીજી ટર્મ તરફ પ્રયાણ કરતા હોવાનું નિવેદન આપ્યું. પાટીલના આ નિવેદનને ઉપસ્થિત સૌ કોઇએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધું. મહત્વનું છે કે પૂનમ માડમ વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ એમ છેલ્લી બે ટર્મથી જામનગર બેઠક પરથી સાંસદ છે અને હવે ૨૦૨૪માં પણ તેમને ત્રીજી વખત ટિકિટ મળે તેવા સંકેત પાટીલે આપ્યા છે. બીજી તરફ થોડા દિવસો પહેલા વિવાદનું કેન્દ્ર બનેલા ધારાસભ્ય રીવાબા જાડેજા, સાંસદ પૂનમ માડમ અને મેયર બીનાબેન કોઠારીએ એક મંચ પર ઉપસ્થિત રહી ‘ઓલ ઈઝ વેલ’નો સંદેશો પણ આપ્યો. એટલું જ નહીં કાર્યક્રમમાં જ્યારે પૂનમમાડમનું આગમન થયું ત્યારે ખુદ રિવાબાએ સાંસદ પૂનમ માડમનો હાથ પકડી કારમાંથી રિસીવ કર્યા. મહત્વનું છે કે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમમાં ધારાસભ્ય રિવાબા જાડેજા અને સાંસદ પૂનમ માડમ વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી. તો મેયર બીનાબેન અને રિવાબા વચ્ચે પણ ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેના કારણે ભાજપમાં ચાલતો આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો હતો. પાટીલે પણ સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા હતા, પરંતુ આજે વિવાદને ભૂલાવી ત્રણેય દિગ્ગજ મહિલા નેતાઓએ એક મંચ પર હાજર રહી પાર્ટીમાં બધું સમુસૂતરું ચાલતું હોવાનો સંકેત આપ્યો.

# જન આશીર્વાદ યાત્રામાં હવે નહીં જાઉં : ઉમા ભારતી



ભોપાલ, તા.૫

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ઉમા ભારતી પાર્ટી દ્વારા યોજવામાં આવનાર ’જન આશીર્વાદ યાત્રા’નું આમંત્રણ ન મળવા બદલ એટલે હદે નારાજ થઈ ગયા છે કે તેમણે કહ્યું કે જો હવે આમંત્રણ મળશે તો પણ હું આ યાત્રામાં જોડાવાની નથી. ખરેખર તો મધ્યપ્રદેશમાં ભાજપ પ્રજા વચ્ચે સરકારની સિદ્ધીઓ પહોંચાડવા માટે જનસંપર્કયાત્રા યોજી રહ્યો છે પણ આ યાત્રામાં રાજયના પૂર્વ સીએમ ઉમા ભારતીને આમંત્રણ જ નથી અપાયું. ભોપાલમાં એક કાર્યક્રમમાં પહોંચેલા ઉમા ભારતીને જ્યારે સવાલ કરાયો તો તેમનું દર્દ છલકાયું હતું. તેમણે કહ્યું કે મને યાત્રામાં ક્યાંય બોલાવાઈ નથી. તેનાથી કોઈ ફેર પડતો નથી, પણ હાં મારા મનમાં એક સવાલ છે કે જ્યોતિરાદિત્ય સિંધિયાએ જો તેમની સરકાર બનાવડાવી તો મેં પણ એક સરકાર બનાવી હતી. તેમણે કહ્યું કે ૨૦૨૦માં પેટાચૂંટણી દરમિયાન મને કોરોના થયો હતો. ૧૧ જ દિવસ થયા હતા. પાર્ટીના નેતાઓની અપીલ પર હું ચૂંટણી પ્રચાર કરવા મેદાને ઉતરી હતી. ભાજપને જીત મળવાની જ હતી. પણ મારા લીધે સીટોમાં વધારો થયો હતો. ઉમા ભારતીએ કહ્યું કે મારે યાત્રામાં જવું નહોતું કેમ કે આ લોકો ડરે છે કે જો હું ત્યાં પહોંચી જઈશ તો બધાનું ધ્યાન મારી તરફ આવી જશે. મારે જવું નહોતું પણ મને આમંત્રણ આપવાની ઔપચારિકતા તો પૂરી કરવી હતી.

# આફ્રિકામાં વધુ એક ગુજરાતી પર હુમલો, લૂંટના ઈરાદે આવેલા નિગ્રોએ ફાયરિંગ કર્યું

વડોદરા,તા.૫

વિદેશમાં ગુજરાતીઓ પર હુમલાની ઘટનાઓ સતત સામે આવતી રહે છે. વધુ એકવાર આવી ઘટના સામે આવી છે. દક્ષિણ આફ્રિકાના વેન્ડા ટાઉનમાં ગુજરાતી પર હુમલો કરવામાં આવ્યો છે. સ્ટોરમાં લૂંટના ઈરાદે આવેલા નિગ્રો લૂંટારાઓએ હુમલો કર્યો છે. હુમલાનો ભોગ બનનાર વ્યક્તિ મૂળ કરજણના સાંસરોદ ગામનો વતની છે. નિગ્રો લૂંટારાઓએ ફાયરિંગ કરતા યુવકને ઈજા થઈ છે અને તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના સાંસરોદ ગામના વતની દાઉદભાઈનો પુત્ર મુન્નાર, તેની પત્ની સાથે આફ્રિકામાં રહે છે. મુન્નાર છેલ્લા ૩૦ વર્ષથી વેન્ડામાં દુકાન ચલાવી પોતાનું ગુજરાત ચલાવે છે. તેના સ્ટોરમાં નિગ્રો લૂંટના ઈરાદાથી આવ્યા અને ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં મુન્નારને ઈજા થઈ છે અને તેને સારવાર માટે વેન્ડાથી ૨૦૦ કિલોમીટર દૂર ખસેડવામાં આવ્યો છે.

## પોલિયોને હરાવી બનાવ્યો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ

# ૭૦ વર્ષથી લોખંડના મશીનમાં બંધ હતો શખ્સ

## ૧૯૪૬માં જન્મેલા ૭૭ વર્ષના પોલ એલેક્ઝાન્ડરને પોલિયો પોલ તરીકે પણ ઓળખવામાં આવે છે

નવી દિલ્હી, તા.૫

પોલ એલેક્ઝાન્ડરનો જન્મ વર્ષ ૧૯૪૬માં થયો હતો. જ્યારે તે ૬ વર્ષનો હતો ત્યારે ૧૯૫૨ માં, અમેરિકામાં ઈતિહાસમાં સૌથી મોટો પોલિયો ફાટી નીકળ્યો. આ રોગના ફેલાવાને કારણે ૫૮,૦૦૦ લોકો શિકાર બન્યા હતા. આ સમય દરમિયાન પોલ પણ પોલિયોનો ભોગ બન્યો હતો. ગરદનના નીચેના ભાગે કામ કરવાનું બંધ કરી દીધું અને થોડા સમય પછી તેને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. તે જ વર્ષે, પાઉલને લોખંડના ફેફસામાં કેદ કરવામાં આવ્યો. બાદમાં, આ મશીનોનું ઉત્પાદન બંધ કરવામાં આવ્યું હતું. અમેરિકાને ૧૯૭૯માં પોલિયો મુક્ત જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ પોલ માટે ઘણું મોડું થઈ ગયું હતું. તેના પર રસીની કોઈ અસર થઈ ન હતી. તે મશીનમાં કેદ રહી





ગયો. પોલિયોવાયરસ, અથવા પોલીયોમેલિટિસ, એક અક્ષમ અને જીવલેણ રોગ છે. આ વાયરસ એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં પણ ફેલાય છે. તે વ્યક્તિની કરોડરજ્જુને પણ સંક્રમિત કરી શકે છે, જે વ્યક્તિને લક્વો કરી શકે છે. પાઊલને પણ એ જ રીતે અસર થઈ. પોલ છેલ્લા સાત દાયકાથી જે મશીનમાં કેદ છે તે મશીન વર્ષ ૧૯૨૮માં બનાવવામાં આવ્યું હતું. ૬૦ના દાયકામાં આ મશીનોનું ઉત્પાદન બંધ થઈ ગયું અને નવા મશીનો બનવા લાગ્યા. પરંતુ પોલે પોતાને નવા મશીનમાં શિફ્ટ કરવાનો ઈનકાર કર્યો હતો. તેઓ તેને છોડવા માંગતા નથી. તે મશીનમાં શ્વાસ લેવાનું પણ શીખી ગયો હતો. આમાં શ્વાસ લેવાની ટેક્નિકને ‘ફ્રોગ બ્રેથિંગ’ પણ કહેવામાં આવે છે. આ બધું હોવા છતાં, તેમણે હજી અભ્યાસ કર્યો. કાયદાની ડિગ્રી મેળવી. તેમણે એક પુસ્તક પણ લખ્યું. તેઓ પોતાના મોંની મદદથી પેઈન્ટિંગ પણ કરે છે. વર્ષ ૨૦૨૨માં તેમના માટે ’ગો ફંડ મી’ કેર ફંડ બનાવવામાં આવ્યું હતું, જેની મદદથી તેમના માટે ઈ૧૩૨,૦૦૦નું દાન એકત્ર કરવામાં આવ્યું છે. આ ફંડ એટલા માટે છે કે પોલ પોતાનું ઘર ખરીદી શકે અને તેની ૨૪ કલાક સારવારનો ખર્ચ ઉઠાવી શકે.

# મગર બની શિવજીએ પાર્વતીજી પરીક્ષા લીધી

ભગવાન શિવજીને પતિ તરીકે પ્રાપ્ત કરવા માટે મહર્ષિ નારદજીએ આપેલા માર્ગદર્શન પ્રમાણે વનમાં જઈ અને ઉગ્ર તપ આદર્યુ.

આ તપ દરમ્યાન વનમાં પાર્વતીજીની પરીક્ષા લેવા માટે શિવજીએ સપ્તઋષિઓને મોકલેલા આ સપ્તઋષિઓએ શિવજીના કહ્યા પ્રમાણે પાર્વતીજીને શિવમાં રહેલા અનેક અવગુણોનું વર્ણન કહી સંભાળાવ્યું પરંતુ પાર્વતીજીએ તે તરફ બિલકુલ ધ્યાન ન આપ્યું અને કોઈપણ હિસાબે પતિ તરીકે શિવજી જ પ્રાપ્ત થાય તેવો અડગ નિર્ણય જાહેર કર્યો.



ત્યાર પછી ભગવાન શિવજીએ પાર્વતીનો ઉગ્ર ઉપ જોઈ તેની પરીક્ષા લેવા ના હેતુ સાથે ત્યાં સ્વયં પ્રગટ થાય અને પ્રાર્વતીજીને વરદાન આપી તેઓ અદ્રશ્ય થઈ ગયા.

ભગવાન શિવજી અદ્રશ્ય થતાં જ અચાનક એક બાળકની ચીસો સંભળાઈ જે પોતાને બચાવવા માટે મદદ માંગી રહ્યો હતો. અવાજ સાંભળી પાર્વતીજી તે તરફ દોડ્યા ત્યાં એક તળાવ હતું તેમાં એક મગરમચ્છે બાળકનો પોતાના મોઢામાં પકડેલો હતો. તે બાળકને તે તળાવની અંદર ખેંચી જવા તત્પર હતો. તે બાળકે પાર્વતીજીને જોયા અને વિનંતી કરી કે મારા માતા-પિતા કે કોઈ મિત્ર નથી માટે આપ મારી માતા બની રક્ષા કરો.

પાર્વતીજી તે મગરને ઉદેશીને કહેવા લાગ્યા, હે મગરતુ આ બાળકને છોડી દે, મગર કહે છે. હું ભુખ્યો છુ. મને આહાર રૂપે મળેલ આ બાળકને ખાઈ હું મારી ભુખ ને સંતોષવા માંગુ છું. ભુખ્યો એવો હું તેને કેમ છોડી શકું.

પાર્વતીજી કહે છે, મગર તુ એને છોડી દે તેના બદલામાં તને જ જોઈએ તે આપવા હું તૈયાર છું બાળકના પ્રાણની રક્ષા માટે તુ માંગે તે હુ આપીશ. ત્યારે મગરમચ્છ કહે છે, તમે આજ દિવસ સુધી જે તપ કર્યુ છે. તે તપનું ફળ તમે મને આપી દો તો તુરંત જ આ બાળકને હું છોડી દઈશ. પાર્વતીજી કહે છે, હા. હું તે તપનું ફળ તને આપવા તૈયાર છુ તું તેને છોડી દે.

મગર ફરી કહે છે. તમે હજી વિચારી લ્યો. જોશમાં આવી સંકલ્પ ન કરો. તમે જે તપ કર્યુ છે તેવું ઉગ્ર તપ દેવતાઓએ પણ આજ દિવસ સુધી નથી કર્યુ. આવા તપનું ફળ એક સામાન્ય બાળકને બચાવવામાં ચાલ્યું જશે....!

પાર્વતીજી કહે છે, મેં જે નિર્ણય કર્યો છે તે નિર્ણય હું નહી બદલું. હું તને તપનું ફળ આપું છું તુ તેને જીવતો જવાદે.

મગર કહે છે તમે કરેલા તપનું ફળ મને પ્રાપ્ત થતા મને દિવ્ય તેજની પ્રાપ્તિ થશે એ હું જાણું છું. જીવનભર કરેલા ઉગ્ર તપનું ફળ એક નાના બાળકને બચાવવામાં વ્યર્થ જશે. માટે તમે હજુ પણ વિચારી લો.

તેના જવાબમાં પાર્વતીજી કહે છે. તપ તો હું ફરીથી પણ કરી શકવા શક્તિમાન છું. પરંતુ આ બાળકને તું ખાઈ જઈશ તો તેનું થશે. અને છોડી દઈશ તો તેને તેનું જીવન પાછુ મળશે. કહી પાર્વતીજી એ પોતાના તપનું દાન સંકલ્પ સાથે મગરમચ્છને અર્પણ કરી દીધું. કે તરત જ દિવ્ય તે જ સાથે મગરમચ્છ અલોપ થઈ ગયો. અને બાળક અદ્રશ્ય થઈ ગયું.

ત્યાર પછી પાર્વતીજીએ ફરી તપ કરવાનો આરંભ કરવા માટે સંકલ્પ લીધો સંકલ્પ કરતાની સાથે જ ભગવાન શિવજી પ્રગટ થઈને બોલ્યા, હે પાર્વતી તમે ફરી કેમ તપ કરી રહ્યા છો ?

પાર્વતી કહે છે, ‘ હે પ્રભુ મેં તમને પ્રાપ્ત કરવા માટે કરેલા તપનું ફળ એક બાળકને બચાવવા માટે દાન કરી દીધું. હવે ફરી તમને પ્રાપ્ત કરવા માટે મેં ઉગ્રતપનો પ્રારંભ કરવાનું નક્કી કર્યુ છે.

શિવજી કહે છે, હે, પાર્વતી તે મગરમચ્છ અને બાળક એ બંન્ને રૂપમાં હુ જ હતો. હુ જોવા માંગતો હતો કે તમારૂ ચિત્તપ્રાણીમાત્રના સુખદુઃખને અનુભવે છે કે નહી. તમારી પરીક્ષા લેવા માટે જ મેં આ લીલા રચી હતી. પરંતુ તમે પરીક્ષામાં સફળ થયા છો. હવે તમારે તપ કરવાની કોઈ જરૂર નથી. કહી લગ્ન માટેનું વચન આપી શિવજી ત્યાંથી વિદાય થાય.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# શ્રાવણ સત્સંગ

## બ્રહસ્પતિશ્વરની સ્થાપનાની કથા

અંગિરા નામના એક ઋષિ થઈ ગયા તે બ્રહ્માજીના માનસ પુત્ર હતા. આ અંગિરા ઋષિને ત્યાં આંગિરસ નામના એક પુત્ર થયા. તે નાનપણથી ખુબ જ બુધ્ધિશાળી તેમજ વિદ્વાન હતા. તેમણે બધા જ શાસ્ત્રો, વેદોના જ્ઞાનની પ્રાપ્તિ પણ કરેલી. એટલું જ નહી તે દેખાવે પણ સુંદર, તેજસ્વી, ગુણવાન તથા શીલવાન હતા. તેમના આરાધ્ય દેવ ભગવાન શંકર હતા.



તેમણે ભગવાન શંકરને પ્રસન્ન કરવા માટે તપ કરવાનું નક્કી કર્યુ. તેથી તેઓ પવિત્ર કાશીમાં ગયા ત્યાં શિવલિંગની સ્થાપના કરી અને ઘોર તપસ્યા તેમણે શરૂ કરી દીધી. આમને આમ તપ કરતાં દસ હજાર વર્ષ વિતિ ગયા આંગિરસના ઉગ્ર તપથી સાક્ષાત મહાદેવજી લિંગમાંથી પ્રગટ થયા. તેમણે આંગિરસને કહ્યું, “ બેટા, હું તારા ઉગ્ર તપથી પ્રસન્ન થય છું. માટે તું તારા મનને ગમતું વરદાન માંગ.”

સાક્ષાત શિવજીને પ્રગટ થયેલા જોઈ આંગિરસને અત્યંત આનંદ થયો તેમણે બે હાથ જોડી અને શિવજીની સ્તુતિ કરવા માંડી “ હે મહાદેવજી આપ ત્રિગુણાતીત, જન્મ-મરણથી રહિત, ભક્તોનાચ ઉદ્ધાર કરનારા અને શરણે આવેલાઓનું રક્ષણ કરનાર છો. આપના તજોમય સ્વરૂપના દર્શન માત્રથી હું કૃત કૃત્ય થઈ ગયો છું. મારી બધી જ મનોકામના પૂર્ણ થઈ ગયેલ છે. મને કંઈ જ નથી જોઈતું.” ત્યાર પછી તો તેણે ખુબ જ શ્રધ્ધા અને ભક્તિ સાથે ગદ્‌ગદિત થઈ એમણે શિવજીની સ્તુતિ કરી. આ સ્તુતિ સાંભળી શિવજી ખુબ જ પ્રસન્ન થયા. તેમણે અનેક પ્રકારના વચનો આંગિરસને આપ્યા તેમજ કહ્યું, “ આંગિરસ તેં ખુબ જ તપ કર્યુંછે અને તે પણ નિષ્કામ રીતે કર્યુ છે. આથી હું ખુબ જ પ્રસન્ન થયો છું. માટે જ હવેથી તું ઈન્દ્ર આદી દેવો અને ગ્રહોમાં પુજ્ય થઈશ.

આજથી તું જગતમાં “બ્રહસ્પતિ” તરીકે પ્રસિધ્ધ થઈશ. વળી, તું ખુબ જ વિદ્વાન અને સારો વક્તા છે તેથી તારુ નામ “વાચસ્પતિ” પણ કહેવાશે. મનો પ્રસન્ન કરવા માટે અહીંતે શિવલિંગની સ્થાપના કરી છે. તે જગતમાં “બ્રહસ્પતિશ્વર” ના નામથી પ્રસિધ્ધ થશે. આ લિંગની જે મનુષ્ય પુજા કરશે કે તે રચેલી સ્તુતિનો પાઠ કરશે તેને મનોવાંદિત ફળની પ્રાપ્તિ થશે અનેસાથે સાથે ગ્રહ જન્યકોઈ બાધા કે પીડા રહેશે નહીં.”

આમ શિવજીએ આંગિરસને વરદાન આપી ત્યાર પછી ઈન્દ્ર, બ્રહ્માજી સહિત સર્વે દેવતાઓને બોલાવી તેમની વચ્ચે બ્રહ્માજીએ આજ્ઞા કરી, “ આ આંગિરસને દેવોના આચાર્ય બનાવી દો. આજથી તેને સૌએ “બ્રહસ્પતિ” તરીકે ઓળખવાનું રહેશે. એ સમયે જ બ્રહ્માજીએ તેમને દેવચાર્ય પદ પર નિયુક્ત કર્યા. શિવજીની ભક્તિથી તેમણે મહાન પદની પ્રાપ્તિ કરી નવગ્રહમાં સ્થાન પ્રાપ્ત કરી ભારે પ્રતિષ્ઠા મેળવી.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# આપની આવતીકાલ કેવી જશે...?

## :: રત્નકણીકા ::

નિરાશા નિર્બળતાનુંચિહ્ન છે.

- સ્વામિ રામતિથ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૬ મંગલાગૌરી પૂજન, રાંધણ છઠ્ઠ, હળ ષષ્ઠી તા.૫ સપ્ટેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૧૯, ભરણી નક્ષત્ર, વ્યાઘાત યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), બપોરે ૩:૦૩ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ભાગીદાર સાથે મતભેદ થાય. અગત્યના પ્રશ્નો ગુંચવાતા લાગે.
વૃષભ : આર્થિક બાબતે સંભાળવું હિતાવહ. ધનલાભની તક સાંપડે.
મિથુન : વ્યર્થ ઉગ્રતાથી દૂર રહેવું. નવિન વાહન, જમીન ખરીદી થાય.
કર્ક : માનસિક થાક અનુભવાય. નવિન કાર્ય મળે.
સિંહ : નવિન કાર્યમાં વધારો થાય. માનસિક આનંદ-ઉલ્લાસ રહે.
કન્યા : યશ, માન, કીર્તિમાં વધારો થાય. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.
તુલા : જામીનગીરીથી લાભ રહે. કૌટુંબિક વાતાવરણ હળવું બને.
વૃશ્ચિક આર્થિક બાબતે સંભાળવું હિતાવહ. નવિન લાભની તક સાંપડે.
ધન : વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. વડીલ વર્ગ કે મિત્રોથી વાણી ઘર્ષણ રહે.
મકર : આકસ્મીક પ્રવાસ-મુસાફરી થાય. વ્યાપાર-નોકરીમાં લાભ થાય.
કુંભ : વ્યર્થ મનોભાર રહે. કાર્ય સફળતા માટે મહેનત વધારવી પડે.
મીન : જીવનસાથીના આરોગ્યની ચિંતા રહે. કોર્ટ-કચેરીના કાર્યમાંસફળતા મળે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરી તેને વધુ એક માઈલસ્ટોન ગણાવ્યું !

# રાજ્યના કાકરાપારમાં દેશના સૌપ્રથમ એટોમિક પાવર પ્લાન્ટે ૭૦૦ મે.વો.ની પૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરી

ગાંધીનગર, તા.૫

ભારતના પ્રથમ સૌથી મોટા સ્વદેશી નિર્મિત ૭૦૦મેગાવોટ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ, કાકરાપાર એટોમિક પાવર પ્રોજેક્ટ યુનિટ-૩ એ, તારીખ ૩૦-૦૮-૨૦૨૩થી ૭૦૦ મેગાવોટની સંપૂર્ણ ક્ષમતા ઉપર કાર્યરત થયેલ છે. યુનિટ-૩ એ ૩૦મી જૂન, ૨૦૨૩થી ૧૦:૦૦ કલાકે કોમર્શિયલ ઓપરેશન શરૂ કર્યું હતું અને નેશનલ ગ્રીડદ્વારા ગુજરાતઅને આસપાસના આવેલા રાજ્યોને વીજળી પૂરી પાડે છે. આ ભારતના સ્થાનિક નાગરિક પરમાણુ કાર્યક્રમની ઐતિહાસિક ક્ષણ છે અને તે આપણી વૈજ્ઞાનિક અને ઉચ્ચતમ તકનીકની ક્ષમતા પણ દર્શાવે છે. કાકરાપાર એટોમિક પાવર સ્ટેશને ગુજરાત રાજ્યનાસુરત જિલ્લાના માંડવી તાલુકામાં સ્થિત એક પરમાણુ પાવર પ્લાન્ટ છેઅને ભારત સરકારના ઉપક્રમ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL), દ્વારા સંચાલિત છે, જે પરમાણુ ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન માટે જવાબદાર છે. કાકરાપાર ગુજરાત સાઈટમાં ચાર દબાણયુક્ત ભારે પાણીના રિએક્ટરનો સમાવેશ થાય છે, એટલે કે બે ૨૨૦ મેગાવોટના ૪૪૦ મેગાવોટ અને બે ૭૦૦ મેગાવોટના એવા ૧,૪૦૦ મેગાવોટ પાવરના યુનિટ આવેલા છે. કેએપીપી-૩ અને ૪નો ૭૦૦ મેગાવોટનો પરમાણુ પ્લાન્ટ ભારતનો સૌથી મોટો સ્વદેશી રીતે વિકસિત PHWR અનેક આધુનિક સલામતી સુવિધાઓ ધરાવતો પ્લાન્ટ છે. અદ્યતન ટેકનોલોજીથી ડિઝાઈનથી સુસજજ કાર્યક્ષમ સ્ટેશનનું સુનિશ્ચિત અનેઅવિરત વીજળી ઉત્પાદન માટે ખુબજ ચોકસાઈથી અને સાવચેતીપૂર્વક નિર્માણ કરવામાં આવ્યું છે. કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન યુનિટ-૩ દ્વારા પૂર્ણ ક્ષમતાના ઉત્પાદનની સિદ્ધિ એ કાકરાપાર ગુજરાત સાઈટ માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. આ પ્રોજેક્ટ દેશના કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો કરે છે. ૭૦૦ મેગાવોટ ઉત્પાદનની આ સિદ્ધિ સમર્પણ અને સખત મહેનતનું પરિણામ છે. KAPS ખાતેના કુશળ કર્મચારીઓ, જેમણે પ્લાન્ટનું સંચાલન અને જાળવણી, સલામતી અને કામગીરીના ચોક્કસ ધોરણોને પૂર્ણરૂપે અનુસરી, ટીમના અથાક પ્રયાસો સાથે ખંતપૂર્વક કરી છે. આ નોંધપાત્ર સિદ્ધિ ઉપર વધુ માહિતી આપતા સુનિલ કુમાર રોય, સાઈટ ડિરેક્ટર, કાકરાપાર ગુજરાત સાઈટે જણાવ્યું હતું કે, કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન યુનિટ૩ ખાતે વીજ ક્ષમતાનું ઉત્પાદનની આ સિદ્ધિ રાષ્ટ્રની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા અને અશ્મિભૂત ઈંધણ ઉપર નિર્ભરતા ઘટાડવા માટેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ માઈલસ્ટોન પૂર્ણ થવાથી પરમાણુ ક્ષેત્રે અગ્રેસર તરીકે KAPSની સ્થિતિ વધુ મજબૂત બને છે. સ્ટેશનની કામગીરી સ્વચ્છ અને પરમાણુ શક્તિનો ટકાઉ સ્ત્રોત ના ઉપયોગ કરવાની સરકારની દ્રષ્ટિ સાથે તાલબદ્ધ છે.

## પોલીસ વર્દીમાં રિલ્સ બનાવનારા ૧૭ પોલીસ સામે પગલાંની શકયતા

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં હવે પોલીસકર્મીઓને વર્ધી પહેરીને રિલ્સ બનાવવા ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. ત ઉપરાંત તેઓ વાહનોમાં પોલીસ લખેલી નેમ રાખીને વીડિયો પણ નહીં બનાવી શકે. રાજ્યના પોલીસવડા દ્વારા પરિપત્ર જાહેર કરીને આ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો ચાર પીએસઆઈ અને ૧૩ કોન્સ્ટેબલનો સમાવેશ હોવા છતાં પોલીસવડાના આદેશને ઘોળીને પી જનારા પોલીસ કર્મીઓ સામે હવે સોશિયલ મીડિયાની ગાઈડલાઈન્સનો ભંગ કરવા મુદ્દે કાર્યવાહીના આદેશ આપી દેવાયા છે. જેમાં ૧૭ પોલીસ કર્મીઓ સામે એકશન લેવામાં આવી શકે છે. પોલીસ વડા વિકાસ સહાય દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર પ્રમાણે પોલીસકર્મીઓ ઉપર વર્ધીમાં વીડિયો બનાવવા ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. ફરજ ઉપર અથવા તો ફરજ સિવાયના સમયે પણ વર્ધીમાં રિલ્સ નહીં બનાવવાનો આદેશ આપ્યો છે.

# રેલવેના વિલંબિત પ્રોજેક્ટ્સ; જે ૨૦૨૨માં ૫૬ હતા અને હવે ૨૦૨૩માં તે વધીને ૯૮ થયા છે : અહેવાલ

નવી દિલ્હી, તા.૫

રેલવેમાં માળખાકીય વિકાસને લગતા વિલંબિત પ્રોજેક્ટ્સનીસંખ્યા ૨૦૨૨માં ૫૬ હતી જે વધીને ૨૦૨૩માં ૯૮ થઈ ગઈ છે. ૨૪ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં, રેલવે સૌથી વધુ વિલંબિત પ્રોજેક્ટ્સનીદ્રષ્ટિએ બીજા ક્રમે છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે સેક્ટર પ્રથમ ક્રમે છે. NIE અનુસાર, દેશમાં વિલંબિત ૧૦માંથી સાત મેગા પ્રોજેક્ટ ભારતીય રેલવેના છે, જેમાં ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લાઈનનો સમાવેશ થાય છે, જે તેના મૂળ સમયપત્રક કરતાં ૨૧ વર્ષોથી વધુ પાછળ ચાલી રહ્યું છે. હાલમાં, ૨૪ ક્ષેત્રોમાં કુલ ૧,૬૪૬ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ છે. આમાં રેલવેના ૧૪૮ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રોજેક્ટ મોનિટરિંગ વિભાગ દ્વારા તેની દેખરેખ રાખવામાં આવે છે. સ્કેનર હેઠળના કુલ ૧,૬૪૬ પ્રોજેક્ટ્સમાંથી, ૮૦૯ પ્રોજેક્ટ્સ (રેલવેના ૯૮ સહિત) તેમની પૂર્ણતાની મૂળ નિર્ધારિત તારીખોથી વિલંબિત છે. પીએમઓ અને કેન્દ્ર સરકાર દ્વારા શેર કરાયેલ જુલાઈ ૨૦૨૩ના અહેવાલ મુજબ, ૮૦૯ પ્રોજેક્ટ્સમાંથી, ૨૧૩પ્રોજેક્ટ્સ (રેલવેના નવ સહિત) અપવાદરૂપે વિલંબિત છે, જેના કારણે મહત્તમ ખર્ચ વધી જાય છે. જમીન સંપાદનમાં વિલંબ, મંજુરી મેળવવામાં, ટેન્ડરીંગ, કોન્ટ્રાકટના મુદ્દાઓ અને અપૂરતું માનવબળ, ટેકનિકલ મંજૂરીઓ અને કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓ આ પ્રોજેક્ટ્સના અસાધારણ વિલંબ તરફ દોરી જતા મુદ્દાઓ છે. ૧ ઓગસ્ટ, ૨૦૨૩ સુધીમાં, પશ્ચિમ રેલવેના રામગંજમુંડ-ભોપાલ રેલ લાઈન પ્રોજેકટનો અંદાજિત ખર્ચ રૂા.૩,૦૩૨ કરોડનો છે. આ પ્રોજેકટને ૨૦૦૨માં રૂા.૪૨૫ કરોડના અંદાજિત ખર્ચ સાથે મંજૂરી આપવામાં આવી હતી. ઉધમપુર-શ્રીનગર-બારામુલા રેલ લાઈનપ્રોજેક્ટનો ખર્ચ રૂા. ૩૭,૦૧૨ કરોડનો છે. તેને ૧૯૯૫માં રૂા.૨,૫૦૦ કરોડના મૂળ અંદાજિત બજેટમાં મંજૂરી આપવામાં



આવી હતી. આ પ્રોજેકટમાં હવે ૨૧ વર્ષોથી વધુનો વિલંબ થયો છે. લલિતપુર-સતના-રીવા સિંગરૂલી પ્રોજેકટનું વધેલું બજેટર રૂા.૮,૨૪૯ કરોડનેસ્પર્શ્યું છે. તે ૧૯૯૮માં રૂા.૨૪૮ કરોડના મૂળ અંદાજિત ખર્ચ સાથે મંજૂર કરવામાં આવ્યું હતું. બાયર્નિહાટથી શિલોંગ સુધીની નવી BG રેલ લાઈન, રૂા.૯૦૬ કરોડના મૂળ બજેટ સાથે ૨૦૧૦માં મંજૂર કરવામાં આવી હતી, જેનું બજેટ રૂા.૮,૩૨૪ કરોડ સુધી પહોંચવા સાથે વિલંબમાં છે. રેલવેનો ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પ્રોજેક્ટ, ૨૦૦૬માં રૂા. ૧૧,૫૮૯ કરોડના અંદાજિત બજેટ સાથે મંજૂર કરવામાં આવ્યો હતો, જે બજેટ રૂા.૫૧,૨૧૯ કરોડ સુધી વધીને તેના મૂળ સમયપત્રકથી પાછળ ચાલી રહ્યો છે. આ તમામ માહિતી સરકાર સાથે શેર કરવામાં આવેલા જુલાઈ ૨૦૨૩ના રિપોર્ટમાં ઉપલબ્ધ છે. રેલવે ઉપરાંત, ૪૧૯ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે પ્રોજેક્ટ્સ તેમની મૂળનિર્ધારિત સમયમર્યાદાથી વિલંબિત છે, જેના લીધે બજેટમાં ભારે વધારો થાય છે. રેલવે સહિત ૧,૬૪૬ પ્રોજેકટની કુલ મૂળ કિંમત રૂા.૨૩,૯૨,૮૩૭.૮૯ કરોડ હતી અને તેમની અપેક્ષિત પૂર્ણ કિંમત રૂા.૨૮,૫૮,૩૯૪.૩૯ કરોડ થવાની શક્યતા છે.

# રાજ્યમાં દરેક ફેમિલીની ઓળખ માટે સરકાર હવે ખાસ આઈડી કાર્ડ બનાવશે

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં આગામી સમયમાં પરિવાર એટલે કે ફેમિલીની ઓળખ માટે ખાસ કાર્ડ બનાવવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે રાજ્ય સરકાર વિધાનસભા સત્રમાં આ અંગેનું બિલ લાવવા જઈ રહી છે. ધી ફેમિલી આઈડી એક્ટ ગુજરાત વિધાનસભાના આગામી સત્રમાં રજૂ કરવામાં આવશે. વિધાનસભાના આગામી સત્રમાં ગુજરાત સરકાર વધુ એક નવો કાયદો લાવવા જરૂરી છે જેમાં તમામ પરિવાર માટે ખાસ ઓળખ પત્ર બનાવવાની એકટમાં જોગવાઈ રાખવામાં આવશે. આ કાર્ડની વિશેષતામાં તેમા પરિવારના તમામ સભ્યોનો ડેટા હશે. ૮ ડિઝિટનો પરિવાર આઈડીઆપવામાં આવશે.જેના દ્વારા પરિવારના સભ્યોની ઓળખમળી રહેશે. આ બિલનો મુખ્યઉદ્દેશ લોકોને અલગઅલગ સમય વિવિધ સર્ટિફિકેટ માટે થઈ રહેલી સમસ્યા નિવારવાનું છે. ગુજરાત સરકાર દ્વારા આગામી સમયમાં જે પરિવારની ઓળખ માટેનું કાર્ડ આપવામાં આવશે તેનાથી અનેક ફાયદા લોકોને થશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. આ કૌટુંબિક IDને જન્મ, મૃત્યુ અને લગ્નના રેકોર્ડ્સ સાથે લિંક કરવામાં આવશે. જેથી જ્યારે પણ જીવનમાં આવી ઘટનાઓ બને ત્યારે ડેટાનું સ્વચાલિત અપડેટ સુનિશ્ચિત થાય. કૌટુંબિક ID વિવિધ યોજનાઓ જેવી કે શિષ્યવૃત્તિ, સબસિડી અને પેન્શનને લિંક કરશે. જેથી સુસંગતતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરી શકાય તેમજ વિવિધ યોજનાઓ, સબસિડી અને પેન્શનના લાભાર્થીઓની સ્વતઃ પસંદગીને સક્ષમ કરી શકાય. કૌટુંબિક ID ડેટાબેઝની આપમેળે પૂછપરછ કરવામાં આવશે. એકવાર પરિવારોનો ડેટાબેઝ તૈયાર થઈ જાય, પછી પરિવારો દરેક વ્યક્તિગત યોજનાઓ હેઠળના લાભો મેળવી શકશે. એકવાર પરિવારોનો ડેટાબેઝ તૈયાર થઈ જાય પછી, પરિવારોએ દરેક વ્યક્તિગત યોજના માટે અરજી કરવાની જરૂર નથી. વધુમાં એકવાર P0P ડેટાબેઝમાં ડેટા અપલોડ થયા પછી લાભાર્થી દ્વારા કોઈ વધુ દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર રહેશે નહીં તે પ્રકારની જોગવાઈ એકટમાં હોવાની શક્યતા છે. આ પ્રકારનું કાર્ડ અગાઉ હરિયાણા અને કેરળમાં લાગુ કરવામાં આવ્યું છે. ત્યારે હવે ભારતના ત્રીજા રાજ્ય ગુજરાતમાં પણ આ યોજના લાગુ કરવા માટેની દિશામાં સરકાર આગળ વધી રહી છે. આ કૌટુંબિક ID કાર્ડનો મુખ્ય હેતુ સરકારની યોજનાઓના લાભમાં વિલંબન થાય તે માટેનો છે. સાથે જ પરિવારના દરેક સભ્યને યોજનાનો લાભ મળે તે માટે આયોજન કરવામાં આવ્યું છે.

# ભારતની ક્રૂડ ઓઈલની રશિયામાંથી આયાત ૨૦ ટકા ઘટી ગઈ, સઉદી ઓઈલ ફરીથી આવી ગયું




નવી દિલ્હી, તા.૫

ઓગસ્ટમાં ભારતની ક્રૂડ ઓઈલની આયાતમાં ધરખમ ઘટાડો થયો છે. ગયા મહિને તે ૨૦% ઘટીને ૧૨૦ હજાર પ્રતિ બેરલ પ્રતિ દિવસ (kbd)થી ઘટીને ૪.૪૫ મિલિયન પ્રતિ બેરલ પ્રતિ દિવસ (mbd) થયું છે. રશિયાથી વિવાદાસ્પદ અને બહુચર્ચિત તેલની આયાતમાં ઘટાડો થવાનેકારણે આ બન્યુંછે. આ આંકડા લંડન સ્થિત માર્કેટ ઈન્ટેલિજન્સ પ્રોવાઈડર વોર્ટેક્સા દ્વારા બહાર પાડવામાં આવ્યા છે. ભારતે જુલાઈ ૨૦૨૩માં રશિયા પાસેથી ૨.૧ એમબીડીની આયાત કરી હતી, પરંતુ ઓગસ્ટમાં તે ઘટીને સાત મહિનામાં સૌથી નીચી રકમ એટલે કે ૧.૯૩ એમબીડી થઈ ગઈ હતી. જુલાઈમાં ભારતની ક્રૂડની આયાત ૪.૫૮ mbdની ત્રણ મહિનાની ટોચે પહોંચી હતી. સ્થાનિક અને નિકાસ કરાયેલા ક્રૂડ ઓઈલની માંગને કારણે આ બન્યું હતું. ઓગસ્ટ ૨૦૨૩માં રશિયામાંથી ક્રૂડની ઓછી આયાતને કારણે દેશની કુલ આયાત ઘટી હતી. ભારતમાં ક્રૂડ ઓઈલના પરંપરાગત સપ્લાયર્સ, મુખ્યત્વે પશ્ચિમ એશિયા, વ્યવસાયમાં છે. સઉદી અરેબિયા ભારતને ક્રૂડ ઓઈલના મુખ્ય સપ્લાયર તરીકે ફરી ઉભરી આવ્યું છે. સઉદી અરેબિયામાંથી ભારતની ક્રૂડની આયાત ઓગસ્ટમાં મહિને ૬૦% વધીને ૮૪૦ kbd થઈ ગઈ છે. એવું માનવામાં આવે છે કે, રશિયામાંથી આયાતમાં ઘટાડો થવાનું કારણ ‘ઓછું ડિસ્કાઉન્ટ’ છે. રશિયન તેલ ઉપરનું ડિસ્કાઉન્ટ ૧૫ ડૉલર પ્રતિ બેરલથી ઘટીને ૫ ડૉલર પ્રતિ બેરલ થયું હોવાનું કહેવાય છે. ભારતની રશિયન ક્રૂડની આયાત ઓગસ્ટમાં ૪૪૦ kbd ઘટીને ૧.૯૩ mbd થઈ હતી. તાજેતરના અઠવાડિયામાં બ્રેન્ટના ઊંચા ભાવને જોતાં આનો અર્થ એ છે કે, ભારતીય રિફાઈનર્સને ડીઈએસ ધોરણે વેચવામાં આવે ત્યારે રશિયન યુરલ્સ હવે વધુ મોંઘા થવાની શકયતા છે. તાજેતરમાં રશિયાએ ઓગસ્ટમાં પ્રતિદિન ૫,૦૦,૦૦૦ બેરલ અને સપ્ટેમ્બરમાં ૩,૦૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસના સ્વૈચ્છિક ઉત્પાદનમાં કાપની જાહેરાત કરી હતી. ભારતીય આયાતને કારણે રશિયાએ EUના પ્રતિબંધને વટાવી દીધો હતો. ભારતીય આયાતે રશિયાને ડિસેમ્બર ૨૦૨૨માં રશિયન તેલ ઉપર EU પ્રતિબંધની મુશ્કેલીઓમાંથી બહાર નીકળવામાં મદદ કરી હતી. આ વર્ષે જાન્યુઆરીમાં વોર્ટેક્સા અનુસાર ભારતમાં ગંતવ્યબંદરો દ્વારા ડિસ્ચાર્જ વોલ્યુમ ઉપરના ડેટા ઉપરથી જાણવા મળ્યું છે કે, ખાનગી રિફાઈનર્સે રશિયન ક્રૂડની ખરીદીમાં વધારો કર્યો છે. તેમનો રશિયામાંથી ભારતની ક્રૂડની આયાતનો હિસ્સો ગયા વર્ષે જુલાઈ-નવેમ્બર દરમ્યાન ૪૦%થી વધીને ડિસેમ્બરમાં ૪૮% થયો હતો, જે જાન્યુઆરીમાં વધુ વધીને ૬૦% થયો હતો. ન્યૂ યોર્ક ટાઈમ્સે જૂનમાં અમુક ‘લોન્ડ્રોમેટ’ દેશોની ભૂમિકા અંગે અહેવાલ આપ્યો હતો, જેમાં ભારત, તેમજ ચીન, તુર્કી, સંયુકત આરબ અમીરાત અને સિંગાપોર મુખ્ય હતા.

**રશિયન તેલને લઈને ભારતમાં વિવાદ :-**

રશિયન તેલની આયાતના ફાયદાઓ દર્શાવતી ખાનગી રિફાઈનર્સની ભૂમિકા સિવાય, ભારતમાં રશિયન તેલની આયાતના અન્ય પાસાઓ ઉપર વિવાદ હતો. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યું છે કે, ભારતીય રિફાઈનર્સે રશિયન તેલની આયાત માટે કેટલીક ચૂકવણી ચીની યુઆનમાં કરી છે, તેમ છતાં યુએસ ડૉલર આવી ચૂકવણીઓ માટે પ્રબળ ચલણ છે. આ અહેવાલનો કોઈ સત્તાવાર ઈન્કાર કરવામાં આવ્યો ન હતો. ફાઈનાન્સિયલ ટાઈમ્સે ૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ નિકાસકાર તરીકે નોંધાયેલ રહસ્યમય મુંબઈની કંપની વિશે અહેવાલ આપ્યો હતો જે છેલ્લા ૧૮ મહિનામાં આંતરરાષ્ટ્રીય તેલ શિપિંગમાં એક વિશાળ કંપની બની ગઈ છે. આ કંપની ગેટિક શિપ મેનેજમેન્ટ છે અને તેણે રશિયાએ ગયા વર્ષે યુક્રેન ઉપર આક્રમણ કર્યું ત્યારથી કોઈપણ અન્ય કંપની કરતાં વધુ તેલ ટેન્કરો ખરીદ્યા છે.

## ગીર સોમનાથમાં ખેતીવાડી માટે ૧૦ કલાક વીજળી આપવા ખેડૂતોની બુલંદ માંગણી

કોડીનાર, તા.૫

રાજ્યમાં જુલાઈ મહિનામાં સારો વરસાદ પડ્યા બાદ ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતા ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. મગફળી, સોયાબીન, કપાસ જેવા ઉભેલા પાકને પાણીની તાતી જરૂરિયાત છે ત્યારે ગુજરાત સરકારે ખેતીવાડી માટે ૧૦ કલાકવીજળી આપવાનીજાહેરાત ૧૪ જિલ્લામાં કરી છે પરંતુ તેમાંથી ગીર સોમનાથ જિલ્લાને બાકાત રાખવામાં આવતા ખેડૂતોમાંભારોભાર રોષ ફેલાયો છે. જે અંગે કોડીનાર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશભાઈ મકવાણાએ રાજ્યના મુખ્યમંત્રીને એક વિસ્તૃત પત્ર પાઠવીને ગિર સોમનાથ જિલ્લામાં પણ ખેતીવાડી માટે ૧૦ કલાક વીજળી આપવા માંગણી કરી છે. હાલ ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોને ખેતીવાડીની આઠ કલાક વીજળી આપવામાં આવે છે તેમાં પણ ટ્રીપિંગ તથા લોડ સેટિંગની સમસ્યાને કારણે પૂરતો વીજ પુરવઠો મળતો નથી. ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતા ખેતરમાં ઉભેલા મગફળી સોયાબીન તથા કપાસ જેવા પાકને કૂવામાંથી પાણી આપવું જરૂરી બન્યું છે ત્યારે આ અંગે તાત્કાલિક ખેડૂતોને ૧૦ કલાક ખેતીવાડી માટે વીજ પુરવઠો આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

તહેવારોની સિઝનમાં સ્થાનિક પુરવઠો વધારવાનો સરકારનો પ્રયાસ

# ૭ વર્ષમાં પહેલીવાર ભારત ખાંડની નિકાસ ઉપર પ્રતિબંધ લગાવશે

## વરસાદની અછતના કારણે ઘઉંના પાકોમાં અછત : ભારત ઓકટોબરથી ૧૧ મહિના સુધી ખાંડ નિકાસ પ્રતિબંધિત કરી શકે છે, અરબ દેશોમાં ચિંતા

નવી દિલ્હી, તા.૫

વરસાદની અછતના કારણે ઘઉંના પાકોમાં અછત આવી અને આગામી તહેવારોની સિઝનમાં ઘરેલું પુરવઠો વધારવા માટે સરકાર ખાંડના નિકાસ ઉપર પ્રતિબંધ લગાવી શકે છે. સમાચાર એજન્સી રોયટર્સના એક રિપોર્ટ મુજબ, સરકારના સૂત્રોએ માહિતી આપી છે કે, ભારત ઓકટોબરથી આગામી ૧૧ મહિના સુધી ખાંડ નિકાસ પ્રતિબંધિત કરી શકે છે. ૭ વર્ષમાં આ પહેલીવાર હશે જ્યારે ભારત ખાંડ નિકાસ ઉપર પ્રતિબંધ લગાવશે. જ્યારથી આ માહિતી સામે આવી છે કે, ભારત આગામી મહિનાથી ખાંડ નિકાસ ઉપર પ્રતિબંધ લગાવી શકે છે, ત્યારથી અરબ દેશોની ચિંતા વધી ગઈ છે. કારણ કે, ભારત પહેલાથી જ ચોખા અને ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધ અને ડુંગળીના નિકાસ ઉપર મોટા ચાર્જ લગાવ્યા છે, જેનાથી અરબ દેશોમાં આ વસ્તુઓની મોંઘવારી ચરમ ઉપર છે. ખાંડ નિકાસ ઉપર પ્રતિબંધના નિર્ણયથી અરબ દેશોમાં ખાંડનો મીઠો સ્વાદ પણ કડવો થઈ શકે છે. સઉદી અરબની ન્યૂઝ વેબસાઈટ અનુસાર, ભારત દ્વારા ખાંડ નિકાસ ઉપર પ્રતિબંધ અરબ દેશો માટે એટલા માટે પણ એક ચિંતાનો વિષય છે, કારણ કે, ભારતના કુલ ખાંડ ઉત્પાદનની અડધી નિકાસ અરબ દેશોમાં થાય છે. ખાંડ પહેલાથી જ કેટલાક વર્ષોના ઉચ્ચતમ સ્તરે છે. તેવામાં ભારતમાં શેરડીના ઉત્પાદનમાં અછત વૈશ્વિક બજારમાં ખાંડના ભાવમાં વધારાનું કારણ બનશે. જેનાથી વૈશ્વિક બજારો ખાસ કરીને અરબ દુનિયામાં મોંઘવારી વધવાની પૂર્ણ સંભાવના છે, કારણ કે, અરબ દેશ સૌથી વધુ ખાંડ ભારતથી આયાત કરે છે. જોર્ડનમાં સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠનના પ્રમુખ સલાહકાર ફાદેલ અલ-જુબીનું કહેવું છે કે, ‘કેટલાક અરબ દેશ એવા છે જે ખાંડના ભાવમાં વધારાના ઝટકાને સહન નથી કરી શકે અને તેનાથી આ દેશોના આયાત, સ્ટોક અને સામાન્ય લોકો સુધી અસર પહોંચશે. તેવા સમયમાં તેમનો સ્થાનિક ચલણ પણ નબળું છે. તેનાથી અરબ દેશોમાં મોંઘવારી હજુ વધશે. એટલા માટે આ દેશોએ પહેલા જ જરૂરી પગલા ભરવાની જરૂર છે.’ ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટરના આંકડા અનુસાર, ગત વર્ષ કતારે ૯૦ ટકા, યુએઈએ ૪૩ ટકા, બેહરીને ૩૪ ટકા અને સઉદી અરબ અને કુવૈતે ૨૮-૨૮ ટકા ખાંડ ભારત પાસેથી ખરીદી હતી. તેનાથી સ્પષ્ટ થાય છે કે, ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના તમામ દેશ ભારતીય ખાંડ પર વધુ નિર્ભર છે. તેવામાં ભારત દ્વારા નિકાસ ઉપર પ્રતિબંધ લગાવવાથી અરબ દેશોની મુશ્કેલીઓ વધી જશે કારણ કે, આ વચ્ચે આ દેશોને ખાંડ માટે નવો વિકલ્પ શોધવા સરળ નહીં હોય. બેંગ્લુરૂ સ્થિત તક્ષશિલા ઈન્સ્ટિટ્યૂશનના સહાયક પ્રોફેસર અનુપમ મનુરનું કહેવું છે કે, ‘ભારત તરફથી લગાવવામાં આવેલા પ્રતિબંધ અરબ દુનિયાને પોતાની જરૂરિયાતો પૂર્ણ કરનારા દેશોમાં વિવિધતા લાવવા માટે મજબૂર કરશે. પરંતુ વિકલ્પ બદલવામાં સમય લાગશે. તેવામાં સંભાવના છે કે, કેટલાક દિવસો માટે અરબ દેશોમાં ઉચ્ચ ખાદ્ય ફુગાવો જોવા મળશે.’ હાલના વર્ષોમાં ભારત સૌથી ઝડપી વધતા ખાંડ નિકાસ દેશોમાંથી એક સાબિત થયો છે. ગત વર્ષ ભારત દુનિયાભરમાં ખાંડનો બીજો સૌથી મોટો નિકાસ કરતો દેશ હતો. ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૨માં ૫૭૦ કરોડ ડૉલરની ખાંડની નિકાસ કરી, જ્યારે ૨૦૧૭માં ભારતે માત્ર ૮૧ કરોડ ડૉલર ખાંડની નિકાસ કરી હતી. બ્રાઝીલ બાદ ભારત દુનિયાનો બીજો સૌથી વધુ ખાંડની નિકાસ કરતો દેશ છે. ખાંડના વૈશ્વિક નિકાસમાં ભારતનું કુલ યોગદાન ૧૫ ટકા છે. જો કે, આગામી પ્રતિબંધને ધ્યાને



રાખતા ભારતની નિકાસ ભાગીદારી ઘટીને ૧૧ ટકા થવાની આશા છે. ઘરેલું જરૂરિયાતો-પુરવઠાને વધારવા અને ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે ભારતે ૨૦ જુલાઈએ નોન- બાસમતી ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ લગાવી દીધો હતો. કારણ કે, ભારત દુનિયાનો સૌથી મોટો ચોખા એક્સપોર્ટ કરતો દેશ છે. ભારતના આ નિર્ણયથી અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિત કેટલાક દેશોમાં ચોખાના ભાવ પોતાના ઉચ્ચતમ સ્તરે છે. આ સિવાય ભારત સરકારે ૧૯ ઓગસ્ટે ડુંગળીની નિકાસ ઉપર ૪૦ ટકા ચાર્જ લગાવી દીધો હતો. સરકાર નોટિફિકેશન અનુસાર, ૩૧ ડિસેમ્બર સુધી ડુંગળીની નિકાસ ઉપર આ ચાર્જ લાગુ રહેશે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે "આદિત્ય એલ-૧ મિશન" અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા



જૂનાગઢ,તા.૫

તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા **"ISRO"** એ ચન્દ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર સફળતાપૂર્વક ઉતારીને વૈશ્વિક કક્ષાએ ભારતનું ગૌરવ વધાર્યુ છે. સમગ્રવિશ્વમાં આ મિશનની સફળતાની ઉજવણી થઈ રહી છે, તેવા સમયે જ ફરીથી **ISRO** દ્વારા તા.૦૨-૦૯-૨૦૨૩ના રોજ અવકાશયાન "આદિત્ય એલ-૧" ને સૌર વાતાવરણના અભ્યાસ અર્થે લેંગ્રેજ બિંદુની આસપાસ ભ્રમણકક્ષામાં મોકલવાનું પ્રથમ સોલાર મિશન હાથ ધર્યુ છે. **ISRO** દ્વારા ખૂબ જ ટૂંકા ગાળામાં જુદા જુદા મિશન સફળતાપૂર્વક હાથ ધરીને સમર્થ ભારતના દર્શન સમગ્ર વિશ્વનેકરાવ્યા છે. શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ-જૂનાગઢ સંચાલિત માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે "આદિત્ય એલ-૧ મિશન" અંતર્ગત લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૨/૯/૨૦૨૩ ને શનિવારના રોજ "ડોક્યુમેન્ટરી પ્રદર્શન, ક્વિઝ કમ્પીટિશન અને ઈનામ વિતરણ" જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટરશ્રી પ્રતાપસિંહ ઓરા સાહેબ અને સંસ્થાના શિક્ષણ નિયામકશ્રી એચ.પી. પોલરા સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉકત આયોજનમાં વિદ્યાર્થિનીઓને જરૂરી માર્ગદર્શન આપવા માટે શાળાના તમામ કર્મચારીશ્રીઓનો અનુપમ સહયોગ પણ પ્રાપ્ત થયો હતો. આ તકે સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી. રાણપરિયા સાહેબ, વહીવટી અધિકારી કે.પી. ગજેરા અને શાળાના આચાર્ય જયશ્રીબેન રંગોલિયા સહિત સમગ્ર સંસ્થા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

## માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા,

# જૂનાગઢ ખાતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા "ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ" યોજાયો





જૂનાગઢ,તા.૫

અખિલ ભારતીય ગ્રાહક પંચાયત એ ગ્રાહકોના રક્ષણ, જાગરણ અને સમસ્યા નિવારણ માટે રાષ્ટ્રીય સ્તરે કાર્યરત, ગુજરાતમાં નોંધાયેલ સ્વૈચ્છિક સંસ્થા છે. આ સંસ્થા દ્વારા સામાન્ય ગ્રાહકો અને ખાસ કરીને મહિલા ગ્રાહકોની જાગૃતિ માટે પ્રશિક્ષણ, વર્કશોપ, સેમિનાર અને વ્યાખ્યાન કાર્યક્રમો શાળા-કોલેજોમાં યોજવામાં આવે છે. શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ-જૂનાગઢ સંચાલિત માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત-જુનાગઢ શાખા દ્વારા તા.૦૨-૦૯-૨૦૨૩ ને શનિવારના રોજ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અખિલ ભારતીય ગ્રાહક પંચાયત-જૂનાગઢ શાખાના કાર્યકર્તા દેવાંગ ત્રિવેદી અને તેમની ટિમ તેમજ સંસ્થાના શિક્ષણ નિયામક એચ.પી. પોલરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉક્ત આયોજનમાં ઉપસ્થિત મહાનુભાવશ્રીઓએ રોજગાર સર્જન, મહિલા જાગૃતિ, ગ્રાહક સુરક્ષાને લગતા કાયદાઓ વિશે ઊંડાણથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉક્ત કાર્યક્રમમાં ખૂબ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી, જેમાં શાળાના તમામ કર્મચારીશ્રીઓનો અનુપમ સહયોગ પણ પ્રાપ્ત થયો હતો. આ તકે સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેક્ટર સી.પી. રાણપરિયા, વહીવટી અધિકારી કે.પી. ગજેરા અને શાળાના આચાર્ય જયશ્રીબેન રંગોલિયા સહિત સમગ્ર સંસ્થા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

# ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ જૂનાગઢ દ્વારા કૃષ્ણ જન્મોત્સવની થયેલ ઉજવણી



જૂનાગઢતા.૫

ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ ખામધ્રોળ રોડ જૂનાગઢ ખાતે ગઈકાલે તા.૪-૯-૨૩ ના રોજ શ્રીકૃષ્ણ જન્મોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના શિક્ષક વાસુદેવ બની ટોપલામાં શેષનાગની છત્રછાયામાં કાનુડાને રાખી તેના જન્મોત્સવની શાળાના વિદ્યાર્થીઓ અને શાળના સમગ્ર સ્ટાફ દ્વારા શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

ભગવાન શ્રીકૃષ્ણને આજે ૫૦૦૦ વર્ષ પછી પણ આપણે યાદ કરીએ છીએ. કારણ કે કૃષ્ણ પુર્વાવતાર છે. તેથી જ કહેવાયું છે કે, કૃષ્ણમ વંદે જગદગુરૂમ.. કૃષ્ણ બધાને પોતાના લાગે છે. બાળકો માટે બાલકૃષ્ણ, યુવાનોને મિત્ર, વૃધ્ધોને પુત્ર, રાજાઓને રાજા અને ભકતોને સ્વયંમ્ ભગવાન લાગે છે. હજારો વર્ષો પછી પણ વિશ્વને માર્ગદર્શન આપતો ગ્રંથ એટલે શ્રીમદ ભગવદ ગીતા જે ભગવાન શ્રીકૃષ્ણએ સ્વમુખે ગાયેલો છે. જગતનો ઈતિહાસ પ્રવૃતિ અને નિવૃત્તિમાં ડોલતો રહયો છે. આ બંનેનો સમન્વય ભગવાન શ્રીકૃષ્ણએ કર્યો છે. શાળાના સ્ટાફ દ્વારા રંગબેરંગી તોરણો, બેનરો, ફુગ્ગાઓ દ્વારા શણગારવામાં આવેલ શાળાના વિદ્યાર્થીઓ ગોપ-ગોપીઓ બની મટકીફોડનો કાર્યક્રમ રાખવામાં આવેલ સંસ્થાના પ્રમુખ જે.વી. બુટાણી, શ્રી વઘાસીયા, કે.એમ. ઠુંમર, શ્રી રવિ, ચંદ્રશેખર, શ્રી ક્રીનાલ, હેતલ મેડમ દ્વારા શ્રી કૃષ્ણનું સમગ્ર જીવન એટલે પ્રશ્નોની પરંપરા છતા શ્રીકૃષ્ણ પરિવાર પ્રત્યેની ફરજ અદા કરવાનું ચુકયા નથી. આજના આધુનિક યુવાનોને શ્રીકૃષ્ણ શીખવે છે 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ આચાર્ય દેવો ભવ'ની સમજણ પ્રવચન દ્વારા આપેલ હતી. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના સમગ્ર સ્ટાફગણ દ્વારા કરવામાંઆવેલ હતું.

## સરકારની મોટી જાહેરાત

# લાઉડ સ્પીકરના નિયમો દરેક ધાર્મિક સ્થાનોમાં લાગુ પડશે

### ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા મ્યુઝિક સિસ્ટમને કારણે બાળકો, વયોવૃદ્ધને ભારે તકલીફ ભોગવવી પડે છે

અમદાવાદ,તા.૫

રાજયમાં લાઉડ સ્પીકર ધ્વનિ પ્રદૂષણ મામલે થયેલી અરજીનો રાજય સરકારે કોર્ટ સમક્ષ સ્વીકાર કર્યો છે. પૂર્વ મંજૂરી મેળવ્યા વિના લાઉડ સ્પીકરના થતા ઉપયોગ સામે રાજ્ય સરકાર હવે કાર્યવાહી કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લાઉડ સ્પીકરના ઉપયોગ અંગેના નિયમો ધાર્મિક સ્થાનોને પણ સરખી રીતે જ લાગુ પડશે. સ્થાનિકોને અગવડ પડે તેરીતના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર અંકુશ મુકાશે લગ્ન પ્રસંગ, રાજકીય મેળાવડા સહિતના ઉત્સર કે ધાર્મિક રેલી પ્રસંગોમાં ડીજે ટ્રક, મોટા લાઉડસ્પીકર કોઈ પણ જાતના નિતિ નિયમો વગર રાજયભરમાં ધ્વનિ પ્રદૂષણ ખૂબ જ ગંભીર રીતે ફેલાઈ રહ્યું છે. જેનાથી નાગરિકોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે. તેમજ ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા મ્યુઝિક સિસ્ટમને કારણે બાળકો, વયોવૃદ્ધને ભારે તકલીફ ભોગવવી પડે છે. ત્યારે જે સમગ્ર બાબતને લઈ હવે રાજય સરકાર કડક કાર્યવાહી કરશે. અગાઉ રાજ્યમાં લાઉડ સ્પીકર અને **Dj** ધ્વનિ પ્રદૂષણ મામલે હાઈકોર્ટે સરકારને ટકોર કરી છે. ત્યારે આ મામલો સરકારી એડવોકેટ જનરલે પણ ધ્વનિ પ્રદૂષણ એક સમસ્યા હોવાનું સ્વીકાર્યું હતું. અરજદાર દ્વારા રિજોઈન્ડર દાખલ કરી સૂચનો આપવામાં આવ્યા હતા. જેમાં અરજદારે ધ્વનિ પ્રદૂષણ મુદ્દે તંત્ર સાથે લોકજાગૃતિ પણ જરૂરી જણાવ્યું હતું. **GPCB** ના જાહેરનામા મુજબ અવાજની લિમીટ લગાવવામાં આવે તેવી અરજદાર દ્વારા રજૂઆત પણ કરવામાં આવી હતી.

# લોઢવા ખાતે આવેલ ન્યુ સનશાઈન સ્કુલ દ્વારા પ્રથમ સેમીનાર યોજાયો



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૫

ન્યુ શનસાઈન સ્કુલ લોઢવા આયોજીત પ્રથમ સેમિનારનું આયોજન થયું હતું. કનૈયા ટીમ્બર્સના શુભારંભ વેળા સેમીનાર ઝળહળી ઉઠયો હતો. સેમિનારમાં મુખ્ય મહેમાનો તરીકે મહંત પૂ. મહાદેવગીરી બાપુ, અવધુત આશ્રમ જૂનાગઢ, મેઘજીભાઈ હીરાણી (ગૌરક્ષક), રાજેશ રાંક, આંકોલવાડી, લોકસાહિત્યકાર મનોજદાન ગઢવી ઉપસ્થિત રહયા હતા. ગામના વડીલ વર્ગ તેમજ યુવાનો, માતા-બહેનો અને બાળકો વિશાળ જનમેદની ઉપસ્થિત રહયા હતા. આધુનિક શિક્ષણ તેમજ બાળકનો સર્વાંગી વિકાસ અર્થે મનોજદાન ગઢવી તેમજ રાકેશભાઈએ પ્રવચનો આપ્યા હતા. વાલીઓમાં જાગૃતતા આવે તેવી ટકોર કરી હતી. મેઘજીભાઈએ ગાય માતા આપણા માટે પૂજય છે તે ઉદાહરણો સાથે તેમજ ગાય આધારીત ખેતીજીવન વિષે પ્રવચન આપ્યું હતું. મહંત મહાદેવગીરી બાપુએ શુભ વાણીથી સેમીનાર દિપાવ્યો હતો. ગર્ભસંસ્કાર, બાળકની કેળવણી, ધર્મનું મહત્વ, કુટુંબ જીવન, માતા-પિતાની સેવા તેમજ શાસ્ત્રોકત શ્લોક સાથેની વાતોમાં વિશાળ જનમેદની એકચિત્ત બની હતી. શાળાના ટ્રસ્ટી જે.બી. વાઢેર તેમજ એમ.બી. વાઢેરે પધારે શિક્ષણવિદો અને પૂ.બાપુનું સન્માન કર્યુ હતું. સાથે સાથે વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ભગવાનભાઈ કછોટ દ્વારા આભારવિધી કરવામાં આવી હતી. સેમીનારનું સમગ્ર સંચાલન ઓવારણા પુસ્તકના લેખક રામભાઈ બી. વાઢેરે કર્યુ હતું. આ પ્રથમ સેમિનારે લોકો માટે આશીર્વાદરૂપ નીવડયો હતો.

# વેરાવળ તા.પં. નું નવું ભવન રૂા.૩.૧૦ કરોડના ખર્ચે ગ્રીન બિલ્ડીંગ મુજબ અત્યાધુનિક સગવડો સાથેનું બનશે

### કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ રાજેશ ચુડાસમા અને પ્રમુખ સરમણભાઈ સોલંકીના હસ્તે ભૂમિપુજન





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ,તા.૫

વેરાવળમાં કે.સી.સી. ગ્રાઉન્ડની બાજુમાં રૂ.૩.૧૫ કરોડના ખર્ચે અત્યાધુનિક સગવડતા વાળુ વિશાળ જગ્યામાં નવું ભવન બનાવવા માટેનું ભુમી પૂજન અને તકતી અનાવરણ કેબીનેટ મંત્રી મૂળુભાઈ બેરા, સાંસદ રાજેશ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ તકે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સારી કામગીરી કરનાર કર્મચારીઓને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતા.

આ તકે કાર્યક્રમને સંબોધતા મંત્રી મુળુભાઈ બેરાએ જણાવેલ કે, રાજયમાં જિલ્લા તેમજ તાલુકા પંચાયતોના માળખાને સંગીન બનાવવા અને જરૂરી માળખાકીય સુવિધાઓ સાથે કાર્યપદ્ધતિ અસરકારક બનાવવા માટે સરકાર કટિબદ્ધ છે. જેના ભાગરૂપે વેરાવળ તા.પં. ના જુના જર્જરીત બિલ્ડીંગના બદલે નવું બનાવવા રૂ.૩.૧૫ કરોડની રકમ મંજુર કરી આગામી ૧૧ માસમાં તૈયાર કરી દેવાનું આયોજન કરેલ છે. આ બિલ્ડીંગ બની ગયા બાદ ગ્રામ્ય વિસ્તારની પ્રજાના કામો સરળતાથી થઈ શકશે.

આ તકે તા.પં. પ્રમુખ સરમણભાઈ સોલંકીએ નવા ભવનની આપતા જણાવેલ કે, નવી કચેરીનું ભવન બે માળનું બનશે જેમાં પ્રમુખ, સમિતીના ચેરમેનો, ટીડીઓ તથા તમામ વહીવટી સ્ટાફની ચેમ્બરો, મિટિગ રૂમ, કોન્ફરન્સ હોલ, જન સેવા કેન્દ્ર, મુલાકાતીઓની બેઠક વ્યવસ્થા માટે અલાયદા વેઈટીંગ રૂમ, વિશાળ પાર્કિંગની અત્યાધુનિક સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. આ ઉપરાંત ગ્રીન બિલ્ડિંગનાં હેતુને આવરી લેવા માટે વોટર હાર્વેસ્ટીંગ, સોલાર રૂફ ટોપ અને ફાઈર ફાઈટીંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાશે. બિલ્ડીંગ આગળ તેમજ પાછળની બાજુ પહોળા આર.સી.સી રસ્તાઓ તથા લેન્ડસ્કેપિંગમાં લોન-વૃક્ષો લગાવવાનું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી જશાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય રાજશીભાઈ જોટવા, પાલિકા પ્રમુખ પિયુષભાઈ ફોફંડી, જિલ્લા કલેક્ટર એચ.કે. વઢવાણિયા, ડીડીઓ રવિન્દ્ર ખતાલે, જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠિયા, વિક્રમભાઈ પટાટ, માનસિંહભાઈ પરમાર તેમજ તાલુકા પંચાયતના સભ્યો, આગેવાનો અને બહોળી સંખ્યામાં શહેરીજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના: શ્રી માધ્યમિક શાળા સીમરનું ગૌરવ



ઉના તા. ૫

ગીર સોમનાથ જીલ્લાકક્ષાની શાળાકીય રમતોત્સવ ખો-ખો સ્પર્ધા વિવેકાનંદ વિનય મંદિર, સુત્રાપાડા મુકામે તા.૧-૯-૨૩ના રોજ યોજાઈ હતી. જેમાં અંડર-૧૭ માં શ્રી માધ્યમિક શાળા, સીમરના વિદ્યાર્થીઓએ ખો-ખો સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. હવે તેઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. તેમને શાળાના આચાર્ય અભયસિંહ પરમાર, સ્ટાફગણ તેમજ પરેશ લાખણોત્રાએ અભિનંદન પાઠવેલ છે.

# શિક્ષક દિવસ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

આજે આપણે બધા આ દિવસને શિક્ષક દિવસ તરીકે ઉજવી રહ્યા છીએ. આ દિવસે આપણે આપણા શિક્ષકો અને ગુરૂઓનું સન્માન કરીએ છીએ. ઘણા શિષ્યો આ પ્રસંગે તેમના શિક્ષકો માટે ઘણી ભેટો લે છે. કેટલાક શુભેચ્છા કાર્ડ બનાવે છે.આ રીતે તેઓ તેમના પ્રત્યે આદર દર્શાવે છે. શિક્ષક પાસે વિદ્યાર્થીનુંજીવન બદલવાની શક્તિ હોય છે.



જો શિક્ષક એવા વિદ્યાર્થીઓને ભણાવે કે જેમાં સદ્ગુણનો અભાવ હોય, તો તે ધીમે ધીમે તેમને સદ્ગુણ વ્યક્તિમાં ફેરવે છે. આ એક સતગુરૂ કરે છે. તેઓ વાસના, ક્રોધ, લોભ, આસક્તિ અને અહંકારથી ભરેલા દુઃખી લોકોને અપનાવે છે અને તેમને અહિંસા, શુદ્ધતા, નમ્રતા, સત્યતા, નિસ્વાર્થતા અને પ્રેમથી ભરેલા મનુષ્યમાં પરિવર્તિત કરે છે. તેઓ આ કેવી રીતે કરે છે? તેઓ આ બધું પ્રભુના પ્રેમની શક્તિથી કરે છે.

તેઓ અમને આંતરિક અનુભવ કેવી રીતે મેળવવો તે સમજાવે છે અને આપણને વ્યક્તિગત અનુભવ પણ આપે છે. કારણ કે આપણે માત્ર વાતો કરીને કે વાંચીને આધ્યાત્મિકતા શીખી શકતા નથી. આ ફક્ત વ્યક્તિગત અનુભવથી જ શીખી શકાય છે અને તે અનુભવ જ આપણને એક સંપૂર્ણ સતગુરૂ પ્રદાન કરી શકે છે. એટલા માટે આપણે સંપૂર્ણ ગુરૂનું શરણ લેવી જોઈએ. જ્યારે આવા સતગુરૂ આપણને દીક્ષા અથવા નામ દાન આપે છે, ત્યારે તે આપણને ધ્યાન અને અભ્યાસ કરવાની પદ્ધતિ શીખવે છે. તે આપણને બે વિસ્તૃત આંખો વચ્ચે ધ્યાન કેન્દ્રિત કરવાનું કહે છે, જેને 'શિવનેત્ર' પણ કહેવાય છે. જેમ જેમ આપણે ધ્યાન માટે સમય ફાળવીએ છીએ તેમ, આપણે આપણી અંદર ભગવાનનો પ્રકાશ અને શ્રુતિ અનુભવીએ છીએ, જે આપણા જીવનમાં પરિવર્તન લાવે છે. આપણે આપણી અંદર શાંતિ અને પ્રેમ અનુભવીએ છીએ. જેમ શિક્ષકનું કામ શિક્ષણ દ્વારા તેમની ઈચ્છા મુજબ સાંસારિક હેતુ સુધી પહોંચવાનું છે. એ જ રીતે, એક સતગુરૂ પણ પ્રેમ દ્વારા પિતા અને ભગવાનથી અલગ થયેલા આત્માઓને તેમના નિજધામ સચખંડ સુધી પહોંચાડે છે.

તો આવો! આ દિવસે, આપણે આપણા આધ્યાત્મિક શિક્ષકો પ્રત્યે પણ આદર વ્યક્ત કરીએ. કારણ કે તેમના દ્વારા આપણે જન્મ-મરણના આ ચક્રમાંથી મુક્ત થઈ શકીએ છીએ અને પિતા-ઈશ્વરમાં મળી જઈ શકીએ છીએ. આવા સંપૂર્ણ સતગુરૂઓને ઘણા આદર સાથે વંદન..

# સૌરાષ્ટ્રને રેલ્વે માર્ગે વાયા તારાપુર થઈ દક્ષિણ ગુજરાત-મુંબઈ સાથે જોડો : સૌરાષ્ટ્રના આગેવાનો- સાંસદોની માંગ

**વેરાવળ પાલીકાના પુર્વ ઉપપ્રમુખ અને સામાજીક કાર્યકરે દિલ્હી ખાતે રેલ મંત્રી, સૌરાષ્ટ્રના મંત્રીઓને રૂબરૂ મળી નવા રૂટ અંગે વિસ્તૃત રજુઆત કરી : જો નવા રૂટનું અમલીકરણ થાય તો અમદાવાદમાં ટ્રાફિકનું ભારણ ઘટવાની સાથે સૌરાષ્ટ્ર-કચ્છના મુસાફરોને મોટો ફાયદો થશે**

(રાકેશપરડવા દ્વારા)

વેરાવળ,તા.૫

સૌરાષ્ટ્રને રેલ્વે માર્ગે વાયા તારાપુર થઈ દક્ષિણ ગુજરાત અને મુંબઈ સાથે જોડવામાં આવે તો પ્રવાસીઓના સમયબચવાની સાથે અમદાવાદમાં જોવા મળતો સૌરાષ્ટ્રનો ટ્રાફીક પણ હળવો થશે. ત્યારે આ માંગણીને લઈ વેરાવળ પાલીકાના પુર્વ ઉપપ્રમુખ અને સામાજીક કાર્યકરએ દિલ્હી ખાતે કેન્દ્રમાં રહેલા સૌરાષ્ટ્રના પ્રધાનો અને રેલ મંત્રીને લેખીત રજુઆત પાઠવી છે.

આ અંગે પુર્વ ઉપપ્રમુખ કિશોરભાઈ સામાણીએ જણાવેલ કે, સૌરાષ્ટ્રને રેલ્વે માર્ગે સીધુ વાયા તારાપુર થઈ દક્ષિણ ગુજરાત, મુંબઈ તથા દક્ષિણ ભારત સાથે જોડાણ થાય તે માટે વેરાવળ અને સૌરાષ્ટ્રના આગેવાનો ઘણા સમયથી રજુઆત કરતા હતા. દરમ્યાન ગત સંસદના સત્રમાં સૌરાષ્ટ્રના રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી સૌરાષ્ટ્રને સીધુ જ જોડાણ દક્ષિણ ગુજરાત, મુંબઈ તથા દક્ષિણ ભારત સાથે જોડવામાં આવે તો લોકોનો સમય તથા પૈસાનો બચાવ થાય. જે રજુઆતને લઈ રેલ અધિકારીઓ સાથે ચર્ચા કરી નકશાઓ મંગાવી જાણકારી મેળવી હતી. બાદ મંત્રીએ સ્વીકાર કરતા કહેલ કે, આ રૂટ ચાલુ થાય તો સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત મુંબઈ વચ્ચેના અંતરમાં ૧૦૦ કિ.મી. નો ઘટાડો થાય તેમજ અમદાવાદમાંથી ટ્રેનોને પસાર થવામાં લાગતો દોઢેક કલાક જેટલો સમયનો પણ બચાવ થશે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં વધતા રેલ્વે ટ્રાફીકનું ભારણ પણ ઓછુ થવાની શક્યતાને ધ્યાને રાખી આગળની કાર્યવાહી કરવા ખાત્રી આપેલ છે.

જેથી આ રજુઆતને આગળ ધપાવવા અને વ્હેલીતકે અમલી કરણ થાય તે માટે તાજેતરમાં પૂર્વ ઉપપ્રમુખ કિશોરભાઈ સામાણી તથા સામાજીક કાર્યકર અતુલભાઈ કાનાબારએ દિલ્હી ખાતે કેન્દ્રમાં રહેલા સૌરાષ્ટ્રના કેન્દ્રનાપ્રધાનો પુરષોતમ રૂપાલા અને મનસુખભાઈ માંડવિયા બંન્ને ને રૂબરૂ મળીને આ પ્રશ્નને અગ્રતા આપી કામગીરી કરાવવા તથા વડાપ્રધાન કાર્યાલયમાં વિસ્તૃત લેખિત રજુઆત કરી હતી.

જેમાં જણાવેલ કે, આ રેલ્વેનો ટૂંકો રસ્તો ઓછા ખર્ચે તૈયાર થઈ શકે તેમ છે. કારણ કે, સુરેન્દ્રનગરથી લીંબડી થઈ ભાવનગર બ્રોડગેજ લાઈનને આણંદથી ખંભાત, તારાપુર આવતી લાઈનમાં જોડવાથી સૌરાષ્ટ્રનું રેલ્વે માર્ગે દક્ષિણ ગુજરાત સાથે સીધું જોડાઈ શકે તેમ છે. જેમા ફકત ૫૦ કિ.મી. રેલ્વે લાઈન નવી નાંખવી પડશે. જેનાથી ભાલ વિસ્તાર, તારાપુર, ખંભાત, બોરસદ વિસ્તારનો પણ જબરો વિકાસ થઈ શકશે. સૌરાષ્ટ્રમાંથી કારમાં દક્ષિણ ગુજરાત તથા મુંબઈ જતા પ્રવાસીઓ આ જ ટુંકા રસ્તાનો ઉપયોગ કરે છે. તો રેલવિભાગે પણ આ ટુંકો માર્ગ બનાવવો જોઈએ તેવી માંગણી છે. આ રૂટ સાકાર થાય તો સૌરાષ્ટ્ર તથા કચ્છના રેલ્વે મુસાફરોને મોટો ફાયદો થશે. આ માંગણી સંદર્ભે સોરઠના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પોરબંદરના રમેશભાઈ ધડુક, પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, રેલવે સલાહકાર સમિતિના હસુભાઈ કાનાબાર, મુકેશ ચોલેરા, પ્રવીણ આમહેડા સહિતના ઓએ સમર્થન સાથે રેલ વિભાગ સમક્ષ રજૂઆત કરી છે.

# વેરાવળના સીમાડે સરકારી જગ્યામાં એકત્ર કરાયેલ બિનવારસી પ્રતિબંધિત દરિયાઈ રેતીનો ૬૫૦ ટનનો જથ્થો ઝડપાયો ?

**મોટા ખનીજ ચોરીના રેકેટનો જાગૃત નાગરીકની માહિતીના આધારે પર્દાફાશ થયો : બે દિવસથી જથ્થો ઝડપાયો હોવા છતાં કોણે ચોરી કરી એકત્ર કર્યો તે હજુ સુધી ખાણ ખનીજ વિભાગ જાણી શકયુ ન હોવાથી કામગીરી સામે સવાલો ઉઠયા**





## શહેરના દરિયાકિનારેથી રેતીની ચોરી થતી હોવાની ફરિયાદ થયેલ

અત્રે નોંધનીય છે કે, થોડા સમય અગાઉ વેરાવળ બોટ એસો.ના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ દ્વારા શહેરના જાલેશ્વર દરિયાકિનારેથી મોટાપાયે ટ્રેક્ટરો મારફત દરિયાઈ રેતીની ચોરી થતી હોવાની વિડીયો સાથે જિલ્લા કલેકટર અને ખાણ ખનીજ વિભાગના અધિકારીને ટેલીફોનીક રજુઆત કરી હતી. દરમ્યાન બે દિવસ અગાઉ પકડાયેલા દરિયાઈ રેતીનો મોટો જથ્થો શું આ ચોરીનો જ છે કે શું? ઉપરોક્ત ફરીયાદ બાબતે વિભાગે કોઈ કાર્યવાહી કરી છે કે કેમ? આવા અનેક સવાલો ઉભા થયા છે. ત્યારે આ મામલે જિલ્લા કલેકટરએ તટસ્થ તપાસ કરાવી પરિસ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ તેવી લોક માંગ ઉઠી છે.

(રાકેશપરડવા દ્વારા)

વેરાવળ,તા.૫

વેરાવળના ઓજી વિસ્તારમાંથી પ્રતિબંધિત દરિયાઈ રેતીની ખનીજ ચોરીના કૌભાંડનો જાગૃત નાગરીકની માહિતીથી પર્દાફાશ થયો છે. જેમાં મીઠાપુરની પડતર સરકારી જગ્યામાં અજાણ્યા શખ્સોએ ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત દરિયાઈ રેતીનો મસમોટો જથ્થો એકત્ર કર્યો હોય જે ઝડપાયો છે. આ રેતીનો જથ્થો અંદાજે ૬૫૦ ટન જેટલો હોવાનું ખાણ ખનીજ વિભાગે જણાવ્યુ છે પરંતુ કોના દ્વારા જથ્થો એકત્ર કર્યો છે ? તે ખબર ન હોવાનું જણાવતા હોવાથી વિભાગની કાર્યવાહી સામે અનેક સવાલો ઉભા થયા છે. ત્યારે આ મામલે ઉચ્ચ અધિકારીઓ તટસ્થ તપાસ કરાવી રોયલ્ટીની ખનીજ ચોરી કરનાર શખ્સોને શોધી દાખલારૂપ કાર્યવાહી કરે તેવી લોકમાંથી માંગ ઉઠી છે.

આ અંગે માહિતી આપતા રોયલ્ટી ઈન્સ્પેક્ટર ઘનશ્યામ વાઘાણીએ જણાવેલ કે, વેરાવળના ઓજી વિસ્તાર ગણાતા એવા મીઠાપુર ગામની સીમ શાળાની પાછળ આવેલ સરકારી પડતર જમીનમાં છેલ્લા ઘણા દિવસોથી ટ્રેક્ટરો મારફત પ્રતિબંધિત દરીયાઈ રેતીનો મોટો જથ્થો એકત્ર કરાઈ રહ્યો હતો. જે અંગે જાગૃત નાગરીકએ વિભાગને આપેલ માહિતીના આધારે ખાણ ખનીજ વિભાગનો સ્ટાફ સ્થળ ઉપર તપાસ કરવા પહોંચ્યો હતો. ત્યારે ત્યાં સરકારી જમીનમાં ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત દરિયાઈ રેતીનો સ્ટોક કરાયો હોવાનું જાણવા મળેલ હતુ. આ જથ્થાની માપણી હાથ ધરતા ૬૫૦ ટન જેટલો છે. હાલ આ જથ્થાને સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ જથ્થો કોણે અને શું કામ એકત્ર કર્યો તે જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

આ જથ્થો શનિવારે સાંજે સીઝ કરાયા બાદ બે દિવસ વિતી ગયા પછી પણ કોના દ્વારા રેતીનો મોટો જથ્થો એકત્ર કરાયો તેની ખાણ ખનીજ વિભાગને ખબર ન હોવાનું જણાવી રહ્યુ છે. ત્યારે જવાબદાર વિભાગની કામગીરી શંકામાં આવવાની સાથે અનેક સવાલો સર્જી રહી છે. જેમ કે, પ્રતિબંધિત દરિયાઈ રેતીનો કાળો કારોબાર કેટલા સમયથી ચાલતો હતો ? કોણ આ ગેરકાયદેસર વેપલો ચલાવતો હતો ? સરકારી જગ્યામાં મસ મોટો જથ્થો સ્ટોક થયો છતાં તંત્ર અજાણ કેમ ? આવા અનેક સવાલો ઉઠ્યા છે.

# કોડીનાર સિંધી સમાજ દ્વારા ચાલીયા સાહેબ મહોત્સવની ઉજવણી કરાઇ





(મુગલઅલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૫

કોડીનાર સિંધી સમાજ દ્વારા ખુબ જ પવિત્ર ગણાતા ઈષ્ટ દેવ શ્રી ઝુલેલાલના ચાલીસા વ્રત કે જેમાં સતત ૪૦ દિવસ ઉપવાસ અને પૂજા-અર્ચના કરવામાં આવે છે. આ પવિત્ર ચાલીસાના ભાગ સ્વરૂપે કોડીનાર શહેરમાં ચાલીયા મહોત્સવની ભવ્ય ઉજવણી સિંધી સમાજ દ્વારા કરવામાં આવી. જેમાં પરમ પૂજય સાંઈ શહેરાવાલેજી ઉપસ્થિતિમાં આ મહોત્સવની ખુબ જ ધામધુમથી ઉજવણી કરાઈ હતી. જેમાં બાઈક રેલી, બાળાઓ દ્વારા દાંડિયા રાસની રમઝટ(છેજ), ભેરાણા સાહેબ, સત્સંગ રૂપી પ્રવચન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ શ્રીલાડી લોહાણા સિંધી સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી તુલસીભાઈ વાધવાણી અને સિંધી સમાજના ઉપપ્રમુખ સાજનભાઈ ટેવાણી તેમજ શ્રી ઝુલેલાલ મંદિર સેવા સમિતિના અધ્યક્ષ લાલુભાઈ રામચંદાણીના માર્ગદર્શનીચે યોજવામાં આવ્યો હતો. તેમજ આ કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન ઝુલેલાલ નવયુવક મંડળના પ્રમુખ અજભાઈ ધાનાણી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા મંડળના પ્રમુખ કોકિલાબેન ટેવાણી અને તેમની ટીમે પોતાનું અમૂલ્ય યોગદાન આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કેશોદના નાની ઘંસારી ગામે શિવ મંદિરે વિવિધ શણગારો કરાયા



(ગોવીંદ હડીયા દ્વારા)

કેશોદ તા.૫

પવિત્ર શ્રાવણ માસમાં શિવાલયોમાં હર હર મહાદેવના નાદ સાથે પુજા અર્ચના આરતી સાથે વિવિધ શણગારો સજી ભકિતભાવ સાથે ભોળાનાથની આરાધના કરવામા આવી રહીછે ત્યારે કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે આવેલ શિવ મંદિરે દિપમાળા પુષ્પ આસોપાલવ સહીતથી શણગારો સજી ભોળાનાથની ભાવપૂર્વક શ્રાવણ માસની ઉજવણી કરવામાં આવી રહીછે સાથે દુધ જલાભિષેક સાથે ભાવિક ભક્તો દર્શનનો લાભ લઈ રહ્યાછે નાની ઘંસારી ગામે શિવ મંદિરના પુજારી કલ્પેશ બાપુએ ભોળાનાથના મંદિરે દિપમાળા બિલિપત્ર વિવિધ ફુલોના શણગાર સાથે ભોળાનાથની આરતી કરી રહયાછે શ્રાવણ માસના સોમવારે રાત્રીના કલાકારોએ પોતાની કળાથી ધુન ભજન સાથે ભોળાનાથના ગુણગાન ગાયા હતા શ્રાવણ માસ નિમીતે શિવ મંદિરે ભકિતભાવથી ભોળાનાથની પુજા અર્ચના આરતી કરવામા આવી રહીછે જેનો ભાવીક ભકતો દર્શનનો લાભ લઈ રહ્યા છે.

# છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



જૂનાગઢ તા.૫

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ જુનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સિધ્ધા માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાચના પીઆઈ જે.જે.પટેલની સુચના મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ વાય.પી.હડિયા સહિત સ્ટાફ સંયુક્ત બાતમીના આધારે સી ડીવીઝનમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનાનો આરોપી છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી મનસુખભાઈ રામજીભાઈ ને બાતમી વાળી જગ્યાએ જઈ આરોપીને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

# ખેતલીયાદાદા મંદિરે વાર્ષિક પાટોત્સવની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢમાં હિંગળાજ ફળિયા વિસ્તારમાં આવેલ ખેતલીયા દાદા મંદિરે શ્રાવણ વદ પાચમ નિમિત્તે વાર્ષિક પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વ્યવસ્થાપક વિનુભાઈ કુરાણીના માર્ગદર્શન હેઠળ યજ્ઞ બીડુહવન સહિતના કાર્યક્રમ યોજાયા હતા. મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ ખેતલીયા દાદા ના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષકદિન ઉજવવામાં આવ્યો 'સ્કૂલના વિદ્યાર્થીઓ શિક્ષકો બનીને ટીચીંગ કાર્ય કરાવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

આલ્ફા સ્કૂલના સંચાલક જી.પી.કાઠીની યાદી જણાવે છે કે ૫મી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિન નિમિત્તે ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ ૬ થી ૯ના વિદ્યાર્થીઓ શિક્ષક બનીને જુદા-જુદા વિષયોનું વિદ્યાર્થીઓ સમક્ષ ખુબ જ સુદર રીતે શૈક્ષણિક કાર્ય કરાવેલ હતું. આ તમામ વિદ્યાર્થીઓને સુંદર ટીચીંગ કરાવ્યા બદલ સ્કૂલના સંચાલક જી.પી.કાઠી દ્વારા ઈનામો આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓમાંથી પ્રિન્સિપાલ, સુપરવાઈઝર, અને ટીચર્સની ફરજ સ્કૂલના વિદ્યાર્થીઓએ બજાવેલ હતી.

# સોમનાથ-વેરાવળ-પાટણ સંયુકત નગરપાલીકા પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણી ૧૨ સપ્ટેમ્બરે

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા.૫

સોમનાથ-વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલીકાના વર્તમાન પ્રમુખ-ઉપપ્રમુખની અઢી વર્ષની મુદત પુરી થતાં નવા પ્રમુખ ઉપપ્રમુખની ચુંટણી તા.૧૨ સપ્ટેમ્બર નગરપાલીકા સભાખંડમાં વેરાવળ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સવારે ૧૧ વાગ્યે નગરપાલીકાના સભ્યોની બેઠક મળશે. જેમાં નગરપાલીકાની બાકીની ટર્મ અઢી વર્ષ માટે પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણી યોજાશે. રોટેશન મુજબ નવા પ્રમુખ તરીકે મહિલા પ્રમુખ ચુંટાશે. આ અંગે ગીર સોમનાથ જીલ્લા કલેકટર તરફથી પ્રકીયા હાથ ધરવામાં આવી છે.

# યાત્રાધામ દ્વારકામાં લાંબા સમયથી ચાલતો નકલી દેશી ઘી બનાવવાનાં 'જામેલા ધંધા'નું નેટવર્ક કેમ તૂટતું નથી ? : ડાલ્ડાને દેશી બનાવવાની મલાઈદાર કમાણી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૫

યાત્રાધામ દ્વારકાની આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં બનાવટી દેશી ઘી બનાવી તેને યાત્રાધામનાં માર્કેટમાં શુદ્ધ કિંમતે વેચવાનો અશુદ્ધ ધંધો છેલ્લા ત્રણ દાયકાથી ધમધોકાર ચાલી રહ્યો હોય સંબંધિત તંત્રની મીઠી નજર હેઠળ શું વેવસ્થીત ચાલતો હોય આ અંગે ઉચ્ચ સ્તરીય તપાસ થાય તો સમગ્ર મામલો બહાર આવે તે વાત ચોક્કસ છે. યાત્રાધામમાં સિંહ રાશિનાં વેપારી દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી ફૂડ શાખા સહિત તંત્રનાં વિભાગોની મીંચાયેલી આંખો સામે જ વટથી બનાવટી દેશી ઘી નો મોટા પાયે વેપલો કરી માર્કેટ રૂપી જંગલમાં પોતે કિંગ હોવાનો હુંકાર ભરવામાં આવી રહ્યો છે. સમગ્ર કૌભાંડ સુઆયોજીત રીતે કરવામાં આવતુ હોવાની ચર્ચા છે. ડાલ્ડા ઘી માં ખાસ પ્રક્રિયા વડે કેમિકલ ભેળવી શુદ્ધ ઘી બનાવી નકલી માલથી અસલી માલ(રૂપિયા) બનાવવાની મોડસ ઓપરેન્ડીથી કૌભાંડ આચરવામાં આવતુ હોવાની વાતો પ્રકાશમાં આવી છે.

કેમિકલયુકત નકલી દેશી ઘીનો ધંધો કોર્પોરેટ સેક્ટરની જેમ સુવ્યવસ્થિત રીતે ચાલી રહ્યો છે એ એકલા હાથે કરવું તો શક્ય જ ન હોય એ સ્વાભાવિક છે. ત્યારે આ કૌભાંડમાં સંસ્થાના એક આગેવાન 'લાંબો' પણ સંડોવાયેલ હોવાનુ દ્વારકાની બજારોમાં જોરશોરથી ચર્ચા ઓ ચાલી રહી છે. બધું સલામતિ પૂર્વક(ચોપડે ચડ્યા વગર) થતું હોય કૌભાંડીઓનાં હાથ કાયદાનાં હાથ કરતા પણ 'લાંબા' હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

દાયકાઓથી સિંહ રાશિના વ્યકિત દ્વારા બનાવટી ઘીના કાળા કારોબારમાં કરોડો રૂપિયા કમાય આ બ્લેકના રૂપિયા વાઈટ કરવા રીયલ એસ્ટેટ અને હોટલના ધંધામાં ઈન્વેસ્ટ કરી રહ્યો હોવાનું દ્વારકાની બજારમાં જોરશોરથી ચર્ચાય રહ્યું છે.

# કેશોદના માણેકવાડા ગામ નજીક સર્જાયેલા અકસ્માતમાં વૃધ્ધાનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

કેશોદ પોલીસે આપેલી વિગત અનુસાર કેશોદ તાલુકાના માણેકવાડા ગામે બાપા સીતારામની મઢુલી સામે જૂનાગઢથી સોમનાર જતા હાઈવે રોડ ઉપર સર્જાયેલા એક અકસ્માતમાં એક વૃધ્ધનું મૃત્યુ થયું છે. આ અંગે રમેશભાઈ દેવાભાઈ ધુડા(ઉ.વ.૪૮) રહે.મઘરવાડાએ અજાણ્યા ફોરવ્હીલના ચાલક વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના મરણજનાર લાખુબેન વા/ઓ દેવાભાઈ કરશનભાઈ ધુડા જાતે અનુ. જાતિ (ઉ.વ.૬૮) રહે.મઘરવાડા તા.કેશોદ વાળા માણેકવાડા ગામે માલબાપાના મંદિરે દર્શન કરવા માટે બાપા સીતારામની મઢુલી સામે જૂનાગઢથી સોમનાથ તરફ જતા હાઈવે રોડ ઉપર ચાલીને જતાહતા.

દરમ્યાન પાછળથી એક અજાણ્યા ફોરવ્હીલના ચાલકે પોતાના કબ્જાની ફોરવ્હીલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી લાવી મરણજનાર લાખુબેનની સાથે અકસ્માત કરી લાખુબેનના શરીરે માથાના ભાગે તથા બંનો હાથમાં ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી પોતાના કબ્જાની ફોરવ્હીલ લઈ નાશી જઈ ગુનો કર્યો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા કેશોદ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


## આદિત્ય બી.એડ્. કોલેજ- જૂનાગઢ

શ્યામ ચેમ્બર દાતાર રોડ - જૂનાગઢ

**બી.એડ્. મેનેજમેન્ટ કવોટા (વર્ષ ૨૦૨૩-૨૪) પ્રવેશ અંગે**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ સંલગ્ન ઉપરોક્ત બી.એડ્. કોલેજમાં યુનિવર્સિટીના નિયામાનુસાર ૧૫% મેનેજમેન્ટ કવોટા સીટ ઉપર પ્રવેશ માટે લાયકાત ધરાવતા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, સામાજીક વિજ્ઞાન, કોમર્સ, ગણિત, વિજ્ઞાન, કોમ્પ્યુટર વિષયોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ બી.એડ્. પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશ પરીક્ષા આપેલ હોય તેવા વિદ્યાર્થીઓએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૭માં તમામ પ્રમાણપત્રો સાથે ઉપરોકત સરનામે રજી.એડીથી અરજી કરવી.


## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કોડીનાર, તા.કોડીનાર, જિ.ગીર-સોમનાથની

સામાન્ય ચુંટણી બાબત. સૂચના પત્ર નોટીસ

આથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કોડીનાર, તા.કોડીનાર, જિ.ગીર-સોમનાથના બજાર વિસ્તારના લાગતા વળગતાં સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે,ગુજરાત ખેત ઉત્પન્ન અને બજાર (પ્રમોશન એન્ડ ફેસીલીટેશન) અધિનિયમ – ૧૯૬૩ની કલમ-૧૧ માં કરેલ જોગવાઈ અનુસાર હાલની કમિટિની મુદત પુરી થતી હોવાથી સદરહું કમિટીની સામાન્ય ચૂંટણી અંગેનો કાર્યક્રમ નીચે દર્શાવ્યા મુજબ રાખવામાં આવેલ છે. જે અંગે ગુજરાતના ખેતીનાં ઉત્પન્નના બજારો બાબતના નિયમો-૧૯૬૫ ના નિયમ ૧૦(૧) હેઠળ આ નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| માર્કેટ વિસ્તારનું નામ | મત વિભાગનું નામ | ચુંટણી કરવાની પ્રતિનિધિઓની સંખ્યા | નિયુકિત પત્રો આપવાની તારીખ, સ્થળ અને સમય | નિયુકિત પત્રો ચકાસણીની તારીખ, સ્થળ અને સમય | ઉમેદવારી પાછી ખેંચી લેવાની છેલ્લી તારીખ | મતદાનની તારીખ, સ્થળ અને સમય | મત ગણતરીની તારીખ, સ્થળ અને સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કોડીનાર તા.-કોડીનાર જી.-ગીર-સોમનાથ | ૧) ખેડૂત વિભાગ<br>૨) વેપારી વિભાગ<br>૩) સહકારી ખરીદ વેચાણ મંડળીઓનાં મત વિભાગ | ૧૦<br>૦૪<br>૦૨ | તા.૧૩/૧૧/૨૦૨૩ શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કોડીનાર, જી.-ગીર-સોમનાથ ના કાર્યાલયમાં સમય : સવારના ૧૧:૦૦ થી સાંજના ૧૩:૦૦ સુધી | તા.૧૮/૧૧/૨૦૨૩ શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કોડીનાર, જી.-ગીર-સોમનાથ ના કાર્યાલયમાં સમય : સવારના ૧૧:૦૦ થી પૂર્ણ થાય ત્યાં સુધી | તા.૨૧/૧૧/૨૦૨૩ શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કોડીનાર, જી.-ગીર-સોમનાથ ના કાર્યાલયમાં સમય : સવારના ૧૧:૦૦ થી સાંજના ૧૫:૦૦ સુધી | તા.૨૮/૧૧/૨૦૨૩ શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કોડીનાર, જી.-ગીર-સોમનાથ ના કાર્યાલયમાં સમય : સવારના ૦૯:૦૦થી સાંજના ૧૭:૦૦ સુધી | તા.૨૯/૧૧/૨૦૨૩ શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કોડીનાર, જી.-ગીર-સોમનાથ ના કાર્યાલયમાં સમય : સવારના ૦૯:૦૦થી પૂર્ણ થાય ત્યાં સુધી |

ક્રમાંક: બમચ/૦૧/ચુ/સ-૨/૧૧૩૦/૨૦૨૩
નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર,
બ્લોક નં. ૧૩/૨, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તા.૧/૦૭/૨૦૨૩

(મનોજ અગ્રવાલ)
નિયામક
ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

નોંધ :– (૧) દરેક ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે રૂા.૧૦૦/– ડીપોઝીટના શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગીર-સોમનાથની કચેરીમાં ભરી પાવતી નિયુકતપત્ર સાથે રજુ કરવાની રહેશે.

માહિતી/જૂના/૫૭૩/૨૦૨૩

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં સાતમ આઠમના તહેવારોની ઉજવણીનો માહોલ

## આજે રાંધણછઠ્ઠ આવતીકાલે શીતળા સાતમ અને ગુરૂવારે જન્માષ્ટમી મનાવાશે : મોંઘવારીના માર વચ્ચે ઉજવણીનો રંગ ફિક્કો





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૫

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં સાતમઆઠમના તહેવારોની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શ્રાવણ માસમાં દેવ મંદિરોમાં એક તરફ ભગવાન ભોળાનાથની ભકિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજે રાધણછઠ્ઠ અને આવતીકાલે શીતળા સાતમના પર્વે લોકો શીતળા માતાને પૂજન સાથે નૈવેદ્ય પણ ધરાવશે અને પરિવારના સુખ-કલ્યાણની કામના કરશે. ગુરૂવારે સમગ્ર સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવશે. ઠેર-ઠેર ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવને વધાવવા શોભાયાત્રા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સાતમઆઠમના તહેવારોને લઈને બજારોમાં પણ ખરીદીનો માહોલ ઉભો થયો છે. આજે રાંધણછઠ્ઠના દિવસથી સાતમઆઠમના તહેવારોની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવેલ છે. આમ તો બોરચોથથી જ તહેવારોની ઉજવણીનો પ્રારંભ થતો હોય છે. રાધણછઠ્ઠના દિવસે લોકો પોતાના ઘરે પણ અનેક પ્રકારની મીઠાઈ-ફરસાણ બનાવતા હોય છે. આ ઉપરાંત ઘરે-ઘરે મેંદાની પુરી, ગાઠીયા, સેવા, વિવિધ પ્રકારની મીઠાઈના તાવડા ધમધમતા હોય છે. અગાઉ તો પોતપોતાના ઘરે મહેમાનોની પરણોગત પણ એટલી જ કરવામાં આવતી હતી. ગ્રામ્યવિસ્તારમાંથી લોકો પોતાના સ્નેહીજનોને ત્યાં સાતમઆઠમના તહેવારો મનાવવા પહોંચી જતા અને બે પરિવારો જયારે ભેગા થાય ત્યારે તહેવારોની ઓર રંગત ખીલી ઉઠતી ત્યારે આજે મોંઘવારી સહિતની અનેક સમસ્યાઓથી જનતા પીડાઈ રહી છે ત્યારે તહેવારોની ઉજવણી સગા-વ્હાલા કે સ્નેહી મિત્રોને આમંત્રણ ઘટી જતું હોય છે અને આ તહેવારો પરિવાર પુરતા જ સીમીત રહ્યા છે. મોંઘવારીના માર વચ્ચે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં તહેવારો મનાવવા માટે લોકોમાં ઉત્સાહ પ્રવર્તિ રહ્યો છે. જરૂર પુરતી ખરીદી કરવામાં આવી રહી છે અને સાંજના સમયે બજારોમાં અનેરી રોનક જોવા મળી રહી છે. મોંઘવારીના માર આ વખતે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના ઘરનું બજેટ ડામાડોળ કરી નાખ્યું છે. બજેટ ઉપર જાણે મોંઘવારીએ તરાપ મારી હોય તેમ વિવિધ કઠોળ, લોટ, દુધ, તેલ સહિતની ચીજવસ્તુઓમાં ભાવ વધારાની અસર જોવા મળી રહી છે.

સાતમઆઠમની મીઠાઈ અને ફરસાણના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. જોકે, અલગ અલગ નાના-મોટા સ્ટોલ અને ડેરી દુકાન ઉપર ભાવમાં થોડો ઓછો-વત્તા તફાવત તો જોવા મળે છે. કયાંક વધુ ભાવ હોય છે તો કયાંક ઓછા ભાવે મળે છે. જૂનાગઢ શહેરમાં સાતમ-આઠમના તહેવારોને લઈને લોકોની બજારમાં રોનક જોવા મળી રહી છે. પરંતુ હજુ મોંઘવારીના મારના કારણે જોઈએ તેવી ઘરાકી નીકળી નથી. હાલ તહેવારોને લઈને જન્માષ્ટમીએ ફરસાણ અને મીઠાઈનું અતિ મહત્વ હોય છે.

તહેવાર ઉપર જૂનાગઢ શહેરમાં ૧૫ હજાર કિલો મીઠાઈનું વેંચાણ થાય છે. ગત વર્ષ શહેરમાં મીઠાઈના ભાવ ૪૪૦ આસપાસ હતો. આ વર્ષે તેમાં ૪૦-૫૦ રૂપિયાનો વધારો થયો છે. જો કે અમુક સ્ટોલ ઉપર હજુ જુના ભાવમાં જ મીઠાઈ અને ફરસાણ મળી રહ્યા છે. ફરસાણનું એક હજાર કિલો આસપાસ વેંચાણ થાય છે. વિવિધ કઠોળના ભાવમાં વધારો થતા લોટના ભાવ વધ્યા છે. જેથી ફરસાણમાં પણ વધારો થયો છે. જૂનાગઢમાં સાતમ-આઠમના તહેવારોમાં ફરસાણનું મોટું વેંચાણ થાય છે. સાથે ફરસાણમાં ગાઠીયા, ચવાણું, ચેવડાના ભાવમાં ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. આમ સાતમઆઠમના તહેવારોમાં મીઠાઈના ભાવમાં વધારો થતા ઓણસાલ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મીઠાઈ ખાવા માટે માત્ર ચાખવા સમાન બની રહેશે.

# જૂનાગઢમાં જન્માષ્ટમી મહોત્સવ અંતર્ગત હાટકેશ યુવક મંડળ દ્વારા ભવ્ય ફલોટનું નિર્માણ : આવતીકાલે ફલોટ ખુલ્લો મુકાશે

## બે લાખ ટાંચણીઓની કલરફુલ રંગોળી, મહાકાલેશ્વરની દિવ્ય પ્રતિકૃતિ, કૃષ્ણ જીવનની ઝાંખી દર્શાવતો ફલોટ, સેલ્ફી ઝોન, જન્માષ્ટમીની રાત્રે મટકી ફોડ અને રોશની સહિતના આકર્ષણ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૫

શિસ્ત -સેવા અને પ્રગતિના સૂત્ર સાથે જૂનાગઢમાં જન્માષ્ટમી પર્વની અવનવી થીમ અને વિષયોને આધારે વિવિધતા સભર ઉજવણી કરતું હાટકેશ યુવકમંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ હાટકેશ્વર મંદિર પાસે વિશાળ પરિસરમાં ભવ્ય ફલોટ નિર્માણને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. આવતીકાલ બુધવારે ૬ સપ્ટેમ્બરના સાતમના દિવસે સવારે મહાનુભવોના હસ્તે ફલોટનું ઉદ્ઘાટન કરી લોકોના દર્શન માટે ખુલ્લો મુકવામાં આવશે. હાટકેશ યુવક મંડળ દ્વારા જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે હાટકેશ્વર મહાદેવ મંદિર પાસે વિશાળ પટાંગણમાં શહેર ફલોટ સુશોભન અંતર્ગત ભવ્ય ફલોટ રજુ કરવામાં આવશે.

આ વર્ષે બે લાખ ટાંચણીઓની કલરફુલ નયન રમ્યા રંગોળી, ઉજ્જૈન મહાકાલેશ્વરની દિવ્ય પ્રતિકૃતિ, શ્રી કૃષ્ણ જીવન ચરિત્રની ઝાંખી દર્શાવતા ફલોટ ઉપરાંત સેલ્ફી ઝોન ભાવિકો માટે આકર્ષણ રૂપ બનશે. પરિસરમાં રોશનીના શણગારના બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. જન્માષ્ટમીની ઉજવણી અંતર્ગત હાટકેશ યુવક મંડળના ઉમેદસિંહ સોલંકીના માર્ગદર્શન નીચે હાટકેશ યુવક મંડળની ટીમ દ્વારા ફલોટ નિર્માણને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. ફલોટ નિર્માણ ઉપરાંત જન્માષ્ટમીના દિવસે ગુરૂવારે રાત્રે ૧૨ વાગ્યે હાટકેશ્વર મહાદેવ મંદિર પાસે જ ભવ્ય મટકી ફોડ ઉત્સવ અને આરતી દ્વારા કૃષ્ણ જન્મની ઉજવણી કરવામાં આવશે. સાતમ અને આઠમ બે દિવસ દરમ્યાન રજૂ થનાર ભવ્ય ફલોટના દર્શન કરવા તમામ ધર્મપ્રેમી ભાવિકોને હાટકેશ યુવક મંડળની ટીમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટમાં લોક મેળાની તૈયારીઓને આખરી ઓપ

રાજકોટ, તા.૫

શહેરમાં યોજાનારા લોકમેળાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે પાંચ દિવસ સુધી લોક મેળો યોજાશે. આ મેળાને આ વખતે રસ રંગ લોક મેળો નામ આપવામાં આવ્યું છે. આ મેળામાં ધંધો રોજગાર કરવા માટે ૩૫૫ સ્ટોલ અને પ્લોટ રાખવામાં આવ્યા છે. રમકડાના ૧૭૮ સ્ટોલ, ખાણીપીણીના ૧૪ સ્ટોલ, મધ્યમ ચકરડીના ૪ પ્લોટ, નાની ચકરડીના ૪૮ સ્ટોલની ફાળવણી કરવામાં આવી છે.

રાઈડ સંચાલકો દ્વારા હાલ આ રાઈડનું ટેસ્ટિંગ પણ કરવામાં આવી રહ્યું છે. અલગ-અલગ ઝડપથી રાઈડ ચલાવીને તેમની ફિટનેસનું ટેસ્ટિંગ પણ કરવામાં આવી રહ્યું છે. રાઈડ ઉપરાંત ખાણીપીણીના ૩૭ સ્ટોલ, યાંત્રિકના ૪૪ સ્ટોલ ફાળવવામાં આવ્યા છે. આઈસ્ક્રીમના ૧૬ પ્લોટ, ફૂટ કોર્ટના ૩ પ્લોટ, ૧ ટી કોર્નર પ્લોટ હરરાજીથી ફાળવવામાં આવશે.

લોકમેળામાં લોકોના મનોરંજન માટે વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમો માટે આકર્ષક ડોમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ રસ રંગ મેળામાં તમામ ચકડીઓ તેમજ સ્ટોલ ઊભા થઈ ગયા છે. સમગ્ર રેસકોસ ગ્રાઉન્ડ નવા રૂપમાં સજજ થઈ ગયું છે. રાજકોટનું રેસકોર્સ ગ્રાઉન્ડ જન્માષ્ટમીના રંગમાં રંગાયુ છે.

જન્માષ્ટમીનો આ પર્વ સૌરાષ્ટ્રવાસીઓ માટે ખૂબ જ મહત્વનો માનવામાં આવે છે. સૌરાષ્ટ્રના લોકો દેશના ગમે તે ખૂણે હોય તેઓ આ તહેવારમાં પોતાના વતન અચૂક આવતા હોય છે અને લોકમેળાનો અનેરો આનંદ પણ માણતા હોય છે. આ વખતે રાઈડ સંચાલકો સાથે સાથે સુરક્ષા તંત્ર પણ મેળાની તૈયારીઓમાં લાગી ગયું છે.

# જૂનાગઢ સહિત સોરઠના વિવિધ વિસ્તારોમાં તીનપતિના જુગારનો ખેલ : ઠેર-ઠેર વ્યાપક દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૫

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં જુગારની મોસમ પુર બહારમાં ખીલી ઉઠી છે અને પતાના ખેલની રમત ચાલી રહી છે. ત્યારે પોલીસ દ્વારા પણ જુગારીઓ સામે કડક કાર્યવાહી કરી અને ઠેર-ઠેર જુગાર અંગે દરોડા પાડી અનેક જુગારીઓને ઝડપી લેવામાં આવેલ છે. જૂનાગઢ અને સોરઠ પંથકમાં પોલીસે પાડેલા જુગાર દરોડા અંગે આપેલી વિગત અનુસાર સી ડીવીઝન પોલીસે ગઈકાલે હાઉસીંગ બોર્ડ ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાન નજીક જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને કુલ રૂા.૧૩,૪૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત માણાવદર પોલીસે કતકપરા ગામે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને રૂા.૩૨,૮૦૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લીધા છે. જયારે બાંટવા રોડ કોલેજની પાછળ એક વાડી નજીક જાહેરમાં જુગાર રમતા સાત શખ્સાનો રૂા.૧૯,૩૬૦ના રોકડ મુદ્દામાલ સાથે પોલીસે જુગાર રમતા ઝડપી લીધા છે. જયારે કેશોદ પોલીસે બામણાસા ગામે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૧૪૩૦ની રોકડ સાથે જુગાર રમતા ઝડપી લેવામાં આવેલ છે. માંગરોળ પોલીસે જુગાર અંગે દરોડો પાડી છ શખ્સોને રૂા.૩૪૨૦ની રોકડ સાથે ઝડપી લીધા છે. જયારે મેંદરડા પોલીસે જુગાર અંગે દરોડો પાડતા ચિરોડા ગામેથી જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૧૮૮૦ની રોકડ સાથે ઝડપી લેવામાં આવેલ છે. આ ઉપરાંત મેંદરડા પોલીસે કેનેડીપુર ગામની વીરડી વાડી સીમ વિસ્તારમાંથી એક ખેતરના મકાને જુગાર અંગે દરોડો પાડતા બે મહિલા સહિત નવનો કુલ રૂા.૨,૩૭,૩૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે જુગાર રમતા ઝડપી લઈ તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરી છે. આ ઉપરાંત મેંદરડા પોલીસે કરશનગઢ ગામ નજીકથી જાહેરમાં જુગાર રમતા આઠ શખ્સોને રૂા.૧૦,૯૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

### જૂનાગઢના કર્મચારીનગર સોસાયટીમાં ૯ મહિલાઓ જુગાર રમતા ઝડપાઈ

જૂનાગઢ શહેરનાં કર્મચારીનગર સોસાયટીમાંથી સી ડીવીઝન પોલીસે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતી ૯ મહિલાઓને રૂા.૧૩૧૯૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

# જૂનાગઢ : સરગવાડા ગામે એકસપોર્ટ મીલમાં ક્રાઈમ બ્રાન્ચના જુગાર દરોડો : રૂા.૫,૩૩,૩૦૦નો મુદ્દામાલ કબ્જે

(ક્રાઈમ રીપોર્ટર) જૂનાગઢ તા.૫

જૂનાગઢના સરગવાડા ગામે એકસપોર્ટ મીલમાં શરૂ થયેલ જુગારધામ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડીને જુગાર રમતા જૂનાગઢના વેપારીઓ સહિત ૭ શખ્સોને ઝડપી લઈ ૫ લાખ રોકડ મળી કુલ ૫,૩૩,૩૦૦ સહિતના મુદ્દામાલ કબ્જે કરતા જુગારી આલમમાં હલચલ મચી જવા પામી છે.

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ઉપર આવેલ ઓર્ચિત ફલોરા એપાર્ટમેન્ટમાં રહેતા અશોક જીવરાજભાઈ કમાણી તેના જૂનાગઢ તાલુકાના સરગવાડા ગામ પાસે સાબલપુર ચોકડીથી ધોરાજી ચોકડી તરફ જતા રોડ ઉપર ગિનાર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ જસી એકસપોર્ટ મીલની ઓફીસમાં જુગાર રમાડતા હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ જે.જે.પટેલના માર્ગદર્શન હેઠળ સ્ટાફે દરોડો પાડતા જુગારધામનો સંચાલક અશોક કમાણી તેમજ નીલેશ ધરમશી પોંકીયા, પોપટભાઈ અદોદરીયા, દામોદરભાઈ જાદવ ગરાળા, મગનભાઈ પાનસુરીયા, અર્ચીત ભુપતભાઈ માવાણી અને પ્રતીક અમૃતલાલ મારડીયા સહિત ૭ શખ્સોને ૫,૦૭,૩૦૦ રોકડ, મોબાઈલ સહિત કુલ ૫,૩૩,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા....
મો. ૯૯૨૫૫ ૧૧૯૯૭
ફોન (૦૨૮૫) ૨૬૨૨૭૩૫
દિનેશ એજન્સી
ડાબર, બૈદ્યનાથ, ઝંડુ, હમદર્દ, સાંડુ, શ્રીશંકર, ઉંઝા તેમજ રસાશ્રમ ફાર્મસીની દવાઓ તથા હેર ઓઈલના વેપારી.
આઝાદ ચોક, મ્યુ. દુકાન નં. ૨-૩, જૂનાગઢ

જન્માષ્ટમીની હાર્દિક શુભકામના
જૂનાગઢનાં તમામ વૈષ્ણવ પરીવારને
વૈષ્ણવ અગ્રણી બિલ્ડર
ગૌરવભાઈ રૂપારેલીયા
જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા પાઠવે છે
મો. ૯૮૨૫૫ ૮૯૧૭૮

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, પણમારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

જન્માષ્ટમીની હાર્દિક શુભકામના
જૂનાગઢ શહેરની જનતાને
અગ્રણી બિલ્ડર
પરબતભાઈ ડાંગર
જૂનાગઢ
જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા પાઠવે છે
મો. ૯૪૨૮૪ ૪૦૫૯૫

જન્માષ્ટમીની હાર્દિક શુભકામના
જૂનાગઢનાં તમામ વૈષ્ણવ પરીવારને
અગ્રણી
જયેશભાઈ (દલાલ બ્રધર્સ)
જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા પાઠવે છે
મો. ૯૮૨૫૩ ૨૮૩૯૦

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

જૂનાગઢમાં વેચવાનું છે
(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) તળાવ દરવાજા વિસ્તારમાં ગોલ્ડન-લેક માં 3 BHK વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે..
(૮) માંગનાથ રોડ ઉપર ૧૫૫૦ સ્કવેર ફૂટ વાળો શોરૂમ તદન વ્યાજબી ભાવમાં વેચવાનો છે. ગેલેકસી સાઈકલ ની બાજુમાં...
સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯